Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




જુન ૧૯૮૦ * આત્મધર્મ * (૪૪૦) વર્ષ ૩૬ અંક ૧૨

## સૌ આત્માને શાંતિ.... શાંતિ..... શાંતિ.... થાવ

કોઈ જીવને દુઃખ થાય એ હોય નહિ, બધા જીવો પરમાનંદ સ્વરૂપ છે. જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છે. એના સ્વભાવમાં દુઃખ ક્યાં છે? ભાઈ! ઊંધી શ્રદ્ધા કરતાં પર્યાયમાં તને દુઃખ થશે. સત્યની પ્રરૂપણા કરતાં એ ન રુચે ને તને દુઃખ થાય એ અમે ઇચ્છીએ નહિ. માફ કરજે ભાઈ! આહાહા! આવો મારગ છે, કોઈપણ જીવ એકેન્દ્રિયથી માંડીને તે જ ભવે સિદ્ધ થનાર બધાય જીવો પરમાનંદ સ્વરૂપ આત્મા છે પછી કોનો અનાદર હોય! મને દુઃખ થાય તો એ ન ગમે તેમ બીજાને દુઃખ થાય એ પણ કેમ ઇચ્છીએ! ઊંધી શ્રદ્ધા-પ્રરૂપણા કરીને દુઃખી થાય એને કેમ અનુમોદાય? સાધુપણાની ભગવાને કહેલી સત્ય પ્રરૂપણા થતાં અઠ્ઠાવીસ મૂળગુણ ચોક્ખા ન હોય ને છેદાય એને સાધુ કહેવાય નહિ, દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ-એવી સત્ય પ્રરૂપણાથી કોઈને દુઃખ થાય એમ ન હો! ભાઈ! બાપુ! ઘાસનું તણખલું જરા વાગે તોપણ દુઃખ થાય તો મિથ્યા શ્રદ્ધાના કેટલા દુઃખ તને થાય! એ કેમ અનુમોદાય? સૌ આત્માને શાંતિ.......શાંતિ...... શાંતિ...... થાવ. અહીં અમારે તો કોઈનો વિરોધ નથી. કોઈ અમારો વિરોધ કરતું નથી. બધા આત્મા દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છે. વિરોધતાનો ભાવ પોતાને નુકશાન કરે છે, બીજાને નહિ અને અવિરોધતાનો ભાવ પણ પોતાને લાભ કરે છે બીજાને નહિ. આહાહા! આત્મા તો સર્વથી ઉદાસ... ઉદાસ.... ઉદાસ છે.

-પૂજ્ય ગુરુદેવ, તા. ૩૦-૪-૮૦

---

### -: આત્મધર્મના લવાજમ અંગેની અગત્યની સૂચનાઃ-

આત્મધર્મનું વાર્ષિક લવાજમ જુન ૧૯૮૦માં પૂરું થતું હોવાથી વાર્ષિક ગ્રાહકોએ જૂલાઈ ૧૯૮૦ થી જુન ૧૯૮૧ નું વાર્ષિક લવાજમ રૂા. ૯ ( નવ રૂપિયા ) સત્ત્વરે મોકલી આપીને વ્યવસ્થામાં સહકાર આપશો.

-આત્મધર્મ કાર્યાલય
શ્રી. દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પીન. ૩૬૪૨૫૦

વાર્ષિક
લવાજમ
નવ રૂપિયા
વર્ષ ૩૬
અંક ૧૨




વીર
સંવત
૨૫૦૬
A. D. 1980
JUNE
(૪૪૦)

### પંચમ-આરાના શિષ્યના હૃદયમાં

# આત્માને અનુભવવા ઉછળતો ઉમળકો

(તા. ૧૩-૪-૮૦)

પાંચમાં આરાનો શિષ્ય પાંચમાં આરાના સાધુને –ગુરુને પૂછે છે કે પ્રભુ! આપ! અતીન્દ્રિય આનંદના નાથ શુદ્ધાત્માને અનુભવો છો, પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના સ્વાદ લ્યો છો, પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીવો છો તો મને પ્રશ્ન થાય છે કે એવો આત્મા કોણ છે ને કેવો છે તે જરી કૃપા કરીને બતાવોને! શિષ્યને અંદર હૃદયમાંથી શુદ્ધાત્માને અનુભવવાનો ઉમળકો આવ્યો છે તેથી ગુરુને પૂછે છે કે પ્રભુ! આપ શુદ્ધાત્માને અનુભવો છો તો અમને પણ બતાવોને કે એ શુદ્ધાત્મા કેવો છે તે જરી કહોને પ્રભુ! શિષ્યને શુદ્ધાત્માને અનુભવવાનો હૃદયમાંથી ઉમળકો આવ્યો છે. અંતરમાંથી જિજ્ઞાસા ને તાલાવેલી થઈ છે કે પ્રભુ! શુદ્ધાત્મા કઈ રીતે પ્રાપ્ત થાય ને કઈ રીતે અનુભવાય તે જરી બતાવોને! પ્રભુ! તમે શુદ્ધાત્માના આટલા આટલા વખાણ કરો છો પણ એ આત્મા અમને જાણવામાં આવ્યો નથી તો અમારે જાણવો છે. નવતત્ત્વ શું છે ને દેવ

–ગુરુ–શાસ્ત્ર શું છે એ શિષ્યનો પ્રશ્ન નથી પણ શુદ્ધાત્માને અનુભવાનો પ્રશ્ન ઉઠયો છે તેથી પૂછે છે કે પ્રભુ! આપ તો આત્માના વેદનમાં અનુભવમાં પડયા છો તો એ શુદ્ધાત્મા પ્રભુ! કેવો છે તે જરી કહોને! હું એક શિષ્ય પામર તરીકે ગણીને આમ શુદ્ધાત્માનું કેમ પૂછે છે બીજું મૂકી દઈને આમ કેમ પૂછે છે એમ ન ગણશો નાથ! દેહ–દેવળમાં અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ બિરાજે છે એની આપે મને ખાત્રી કરાવી છે પણ હવે એ શુદ્ધાત્મા કેવો છે કે જેનું સ્વરૂપ જાણતા વેદનમાં આવે –એવું કાંઈક કહોને પ્રભુ! શિષ્યે એમ પૂછયું નથી કે પ્રભુ પૈસા કેમ થાય ને પુણ્ય કેમ થાય પણ એમ પૂછયું છે કે અતીન્દ્રિય આનંદથી ભરેલો દરિયો જેને આપ અનુભવો છો એ કોણ છે, કેવો છે કે જેને ભગવાન અરહંત અનુભવે છે! ગણધર અનુભવે છે અને આપ પણ પ્રચુર આનંદને અનુભવો છો એ શુદ્ધાત્મા કોણ છે–એ જાણવાની અને અનુભવવાની શિષ્યને ઉમ્મીદ થઈ છે તેથી પૂછે છે કે શુદ્ધાત્મા કોણ છે ને કેવો છે કે જેનું સ્વરૂપ જાણવાથી અનુભવ થાય તે મને બતાવો પ્રભુ! –એવા પ્રશ્નનો ઉત્તર શ્રી સમયસારની ૬ ઠ્ઠી ગાથામાં ગુરુ કહે છે.

(શ્રી સમયસાર ગાથા ૬ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અદ્ભુત પ્રવચનમાંથી, મલાડ)

આ સમયસાર આત્મ–અનુભવથી પ્રગટ થયેલ શાસ્ત્ર છે. તેમાં શિષ્ય પ્રશ્ન કરે છે કે પ્રભુ મહાવીરથી આપના ગુરુ પર્યંત સંતોએ આત્માના અતીન્દ્રિય આનંદનો પ્રચુર અનુભવ કર્યો તો એ શુદ્ધ આત્મા કોણ છે? પ્રભુ! આપે આત્માને અનુભવ્યો, આપે અતીન્દ્રિય આનંદના નાથને અનુભવ્યો તો એ શુદ્ધ આત્મા કોણ છે? આપે જે શુદ્ધ આત્માને અનુભવ્યો તો પ્રભુ! જે આત્મા આપ અનુભવો છે, અતીન્દ્રિય આનંદના સ્વાદ લ્યો છો, પ્રભુ! આપ અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીવો છો, તો પ્રભુ મારો પ્રશ્ન છે, મારે એ જાણવું છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે? આહાહા! પાંચના આરાના શિષ્ય ને પાંચમા આરાના સંત આ વાત કરે છે.

પ્રભુ આપ અતીન્દ્રિય આનંદને અનુભવો છો પણ અમને તો કહો કે એવો શુદ્ધાત્મા

છે કોણ? પંચમ આરાનો શિષ્ય એમ પૂછે છે કે આપ અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન કરો છો તો અમને જરી કહો ને પ્રભુ કે એવો શુદ્ધ આત્મા કોણ છે ? આહાહા! શિષ્યના અંતરમાં ઉમળકો છે શુદ્ધ આત્માના અનુભવનો! તેથી કહે છે કે પ્રભુ આપ શુદ્ધ આત્માને અનુભવો છો તો એ શુદ્ધ આત્મા કોણ છે ને કેમ પમાય? –એ વાત જરી અમને કહોને! પ્રભુ આપ આત્માના આટલા વખાણ કરો છો ને એવા આત્માને અનુભવો છો તો એ કોણ છે–એ તો કહો? પ્રભુ અમારે બીજું કાંઈ જાણવાનું કામ નથી, અમારે તો આ આત્મા અંદર કોણ છે ને કેમ પમાય એ જાણવું છે. આહાહા! શિષ્યની જવાબદારી પણ સાથે લીધી છે.

શિષ્યના અંતરમાંથી આત્માને અનુભવવાનો ઉમળકો આવ્યો છે. જિજ્ઞાસા જાગી છે, તેથી પૂછે છે કે એ છે કોણ ને કેવો છે? કઈ રીતે છે ને કેમ છે? આપના અનુભવમાં કઈ રીતે આવે છે? –પ્રભુ એનું સ્વરૂપ મારે જાણવું છે. 'એક જાણ્યો તેણે બધું જાણ્યું' –તો એ 'એક' છે કોણ? પ્રભુ! આપ તો અંતરના વેદનમાં પડયા છો પણ અમને જરી કહોને કે એ શુદ્ધ આત્મા કોણ છે?

પ્રભુ! એ કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? જેનું સ્વરૂપ જાણવું જોઈએ એ કોણ છે એ મને કહો પ્રભુ! અતીન્દ્રિય આનંદના ઉછાળા મારતાં આત્માને ઓળખીને શિષ્ય પૂછે છે કે પ્રભુ આપ ક્યાં છો, એ ખ્યાલમાં આવ્યું છે પણ અમને એ શુદ્ધ આત્મા સમજમાં નથી આવતો ને આપ જેવાના ભેટા થયા એ અમારા મહાભાગ્ય છે. પ્રભુ! આપ શુદ્ધ આત્માના અતીન્દ્રિય આનંદને વેદો છો તો એ શુદ્ધ આત્મા છે કોણ?

વેપારમાં કેમ પૈસા થાય, કેમ પુણ્ય થાય, કેમ સ્વર્ગ મળે કે કેમ વીતરાગની વાણી સાંભળવા મળે એ પણ પૂછયું નથી. અહીં તો અંદરમાં જે શુદ્ધ આત્મા છે એ કોણ છે? –એ જણાવો–એમ પૂછયું છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો દરિયો પ્રભુ છે પણ અમને ખબર પડતી નથી કે એ કોણ છે તો એ અમને કહો. જે આત્માને ત્રણ લોકના નાથ અનુભવે, જેને ગણધર અનુભવે ને આપ પણ પ્રચુર વેદનમાં તેને અનુભવો છો તો એ શુદ્ધ આત્મા કોણ છે? –આવી જેને ઉમ્મીદ જાગી છે તે, જેના હૃદયમાં ત્રણ લોકના નાથ બિરાજે છે એવા સંતોને પૂછે છે કે પ્રભુ એ શુદ્ધ આત્મા કોણ છે?

શિષ્યને બહુ ઊંડેથી જિજ્ઞાસા છે કે આ શુદ્ધ આત્મા કોણ છે? પર્યાય શું છે કે ગુણ શું છે એમ નથી પૂછયું પણ આત્મા શુદ્ધ છે, એ કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ. આત્મા શુદ્ધ છે. કોણ? –કે જેને જાણવાથી આનંદ આવે ને જન્મ–મરણનો અંત આવે. એવા શુદ્ધ આત્માને જાણવાની જેને ધગશ છે તેને આ ઉત્તર દેવામાં આવે છે.

ચૈતન્યરત્નાકર બિરાજે છે કે જેને પ્રભુ આપ અનુભવો છો તો પ્રભુ આપ એકલા

અનુભવો છો તો અમને પણ કાંઈક કહો ને પ્રભુ! એવા જિજ્ઞાસુ જીવને આચાર્ય મહારાજ ઉત્તરરૂપે આ છઠ્ઠી ગાથા કહે છે!

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬**

આ ગાથા જૈનદર્શનના પ્રાણ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથના કહેલા આ પ્રાણ છે. ભાષા સાધારણ છે પણ તેના ભાવ ઊંડા ગંભીર ઘણા છે. કહે છે કે જે પોતે છે તે પોતાથી જ છે. તેને કોઈ કરનાર નથી, તેને કોઈ આલંબન કે આશ્રય નથી, તેને કોઈ આધાર નથી. પોતે પોતાથી જ સિદ્ધ છે, તેની હયાતી માટે પરના આલંબનની અપેક્ષા નથી. પ્રભુ તારી હયાતી તારાથી જ છે. પોતે પોતાથી જ હયાતી ધરાવે છે. એની હયાતી માટે બાહ્યની કોઈ ચીજના કર્તાપણાની જરૂર નથી. જેની હયાતી છે તેને બીજાની જરૂર છે નહીં. પોતે પોતાથી સિદ્ધ છે તેથી અનાદિ સત્તારૂપ છે એટલે કે તેથી આદિ વિનાની હયાતી છે ને તે કદી વિનાશ નહીં પામતો હોવાથી અનંત છે. એક અંશ પણ કદી વિનાશ પામે એવો નથી, તેથી અનંત છે, તેથી અનાદિ અનંત છે. જે છે તે અનાદિ છે ને તે અનંત છે. જે છે તે ત્રિકાળ છે ક્ષણિક નથી. એટલે કે વર્તમાન પણ સ્વભાવ વિના રહેતો નથી. તેના જે ગુણો છે તે ક્ષણિક નથી.

શિષ્યને પ્રભુ ઉત્તર કહે છે કે પ્રભુ તું પ્રત્યક્ષ થઈ શકે તવી ચીજ છો, તને તું ન જણાય કે પરોક્ષ રહે એવો તું નથી; તારા અનુભવ માટે તને બીજા કોઈની અપેક્ષા રહે નહીં એવો સ્પષ્ટ પ્રત્યક્ષ પ્રકાશમાન ચૈતન્યજ્યોતિ જ્ઞાયક તું છો. કેવો છે? –કે અનાદિ સત્તાવાળો, નાશ ન થાય એવો, ક્ષણિક નથી એવો ને પ્રત્યક્ષ પ્રકાશમાન જ્યોતિ એવો જ્ઞાયક છો, એવો જ્ઞાયક એક ભાવ છો. ગુણ–ગુણીના ભેદ પણ જેમાં નથી એવો જ્ઞાયકભાવ તે એક ભાવ છે. અનંતી પર્યાયને અનંત ગુણો ભલે હો પણ સ્વરૂપે તો એક ભાવ છે.

આમ હોવા છતાં સંસાર અવસ્થામાં શું છે? –તે કહે છે. આવો હોવા છતાં સંસાર અવસ્થામાં રાગના ભાવ સાથે એને અનાદિ સંબંધ છે, નવો સંબંધ નથી, અનાદિનો સંબંધ છે. અનાદિથી પર્યાયમાં શુદ્ધ હતો ને પછી રાગ સાથે સંબંધ થયો એમ નથી. અનાદિથી રાગ સાથે સંબંધ છે. ક્ષીરનીરની જેમ કર્મ પુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં એટલે કે રાગના સંબંધની અપેક્ષાએ જોઈએ તો અશુદ્ધતા સાથે સંબંધ છે તોપણ દ્રવ્યસ્વભાવની અપેક્ષાથી જોઈએ તો, જે રાગની એકતાનો અંત લાવવો દૂરંત છે એટલે કે અનંત પુરુષાર્થથી અંત આવે એવો છે, એવા ક્રોધ–માન–માયા–લોભના કષાયચક્રના

ઉદયની વિચિત્રતાના વશે વર્તતા જે પુણ્ય ને પાપ તેને ઉત્પન્ન કરનારા એટલે કે પુણ્ય–પાપરૂપ જડકર્મને ઉત્પન્ન થવામાં નિમિત્ત થનારા અનેકરૂપ શુભાશુભભાવ તેમના સ્વભાવે તે પરિણમતો નથી. સંસાર અવસ્થામાં રાગ સાથે સંબંધ દેખાવા છતાં જ્ઞાયકભાવ તે શુભ અશુભભાવે થતો નથી. શુભાશુભભાવ જડ છે, તેમાં જ્ઞાયકનો અંશ નથી. ચૈતન્યસ્વભાવનો તેમાં અભાવ છે. તેથી શુભાશુભભાવે–જડભાવે જ્ઞાયકભાવ થતો નથી. પર્યાયમાં શુભાશુભ હોવા છતાં જે જ્ઞાયક દ્રવ્ય છે તે ત્રિકાળ નિરાવરણ છે, તે શુભાશુભભાવે થતો નથી. જો શુભાશુભભાવે તે થાય તો જડ થઈ જાય. તેથી જ્ઞાયકભાવ છે તે શુભાશુભભાવે થતો નથી. જે જ્ઞાયકભાવ છે તે જડભાવે થતો નથી. જાણનાર ચૈતન્ય તત્ત્વ, નહીં જાણનાર એવા પુણ્ય–પાપતત્ત્વરૂપે થતું નથી.–એમ કહીને કહેવું છે કે તું આત્માનો અનુભવ કરી શકીશ કેમ કે જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. ભલે રાગાદિ અનાદિના હો પણ આત્મા તે રૂપે કદી થયો નથી ને થશે નહીં તેથી તેનો તને અનુભવ થઈ શકશે. જ્ઞાયકભાવ શુભાશુભભાવપણે થતો નથી તેથી તેનો અનુભવ થઈ શકે છે.

પ્રભુ! તું જ્ઞાયકભાવે બિરાજે છો ને નાથ! તું શુભાશુભભાવે થયો નથી ને પ્રભુ! અંદર જ્ઞાનનો સમુદ્ર પડયો છે તે કદી શુભાશુભભાવે થયો નથી, વસ્તુ શુભાશુભભાવે થઈ નથી, પર્યાયમાં શુભાશુભ છે હો! પણ જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. અવસ્થામાં જડપણું થયું છે પણ એ ક્ષણિકભાવ છે, તે જડરૂપ અવસ્થા ટળી શકે છે એમ કહે છે.

પર્યાયમાં જડરૂપ થયો હોવા છતાં જે જ્ઞાયકભાવ છે તે જડરૂપે થયો નથી. પ્રમત્ત ને અપ્રમત્ત એવા બે ભાગ ક્યારે પડે? –કે એ રૂપે વસ્તુ પરિણમે તો. પણ વસ્તુ તો એ રૂપે પરિણમતી નથી, વસ્તુ તો શુભાશુભપણે પરિણમતી નથી માટે વસ્તુ પ્રમત્ત કે અપ્રમત્ત નથી. શુભાશુભભાવ સંસાર અવસ્થામાં અનાદિથી પર્યાયમાં છે પણ એ જડ છે. ચૈતન્યની શક્તિનો કોઈ અંશ તેમાં આવતો નથી માટે એક જડ છે. ચૈતન્ય પ્રભુ એ જડભાવે થયો નથી. તેથી જો તું પુણ્યપાપની અવસ્થાનું લક્ષ છોડી દે તો તું પણ જ્ઞાયકભાવનો અનુભવ કરી શકીશ ને શુભાશુભભાવ ટાળી શકાશે. કેમ કે જ્ઞાયકભાવ કદી એ જડભાવે –વિકારીભાવે થયો જ નથી. જ્ઞાયકભાવ વિકારી જડભાવે થતો જ નથી તેથી તને તારા જ્ઞાયકનો અનુભવ થઈ શકશે, પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થઈ શકશે ને પર્યાયમાં જે શુભાશુભ ભાવ છે તે ટાળી શકીશ, માટે તું સ્વરૂપનો અનુભવ કર.

આ આત્મા એક જ્ઞાયકભાવ છે, તે કર્મના સંબંધમાં દેખાય છે છતાં એ ચીજ કર્મને ને રાગને સ્પર્શતી નથી. સંસારની વર્તમાન અવસ્થાથી જોઈએ તો રાગને કર્મના નિમિત્તનો સંબંધ દેખાય છે. અવસ્થા દ્રષ્ટિથી જોઈએ તો એ છે પણ ત્રિકાળી સ્વભાવની

દ્રષ્ટિથી જોઈએ તો પુણ્ય–પાપ ઉત્પન્ન કરે એવા શુભાશુભભાવ કે જેનો અંત દૂરંત છે એવું કષાયચક્ર પર્યાયમાં હોવા છતાં જ્ઞાયકભાવ એ શુભાશુભ ભાવને અડયો નથી. જો જ્ઞાયકભાવ શુભાશુભપણે પરિણમે તો જડ થઈ જાય કેમકે શુભાશુભભાવ પોતે અચેતન–ચેતનના અંશ રહિત જડ છે. એ જડરૂપે ચૈતન્ય કદી ન થાય. જ્ઞાયકભાવ શુભાશુભરૂપે કદી થયો નથી તેથી તેને ટાળવા એ રહેતું નથી. ફકત જ્ઞાયકની દ્રષ્ટિ કરતાં વીતરાગભાવ ઉત્પન્ન થતાં રાગ ઉત્પન્ન થતા નથી તેથી કથનમાત્ર રાગનો નાશ કર્યો કહેવાય.

શુભને અશુભ ભાવપણે જ્ઞાયકભાવ થયો નથી તેથી પ્રમત્ત ને અપ્રમત્ત એવા ભેદો તેને લાગુ પડતા નથી. ભગવાન પ્રમત્ત–અપ્રમત્ત નથી, કેમ ? –કે તેમના સ્વભાવે –પ્રમત્ત કે અપ્રમત્ત ભાવે પરિણમતો નથી તેથી જ્ઞાયકભવને પ્રમત્ત–અપ્રમત્તપણું લાગુ પડતું નથી. તેથી તે સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી એટલે કે કર્મ ને કર્મના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં શુદ્ધ કહેવાય છે. અહીં અન્યદ્રવ્યો પરદ્રવ્યમાં લીધા છે, રાગાદિને નથી લીધા, કેમ કે અન્યદ્રવ્યોથી લક્ષ છૂટતાં ચૈતન્યસ્વભાવ ઉપર લક્ષ જાય છે તેથી અન્યદ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવ્યો છે. અનાદિથી પરદ્રવ્યો ઉપર લક્ષ છે તેથી પરદ્રવ્યોના ભાવથી ભિન્નપણે ઉપાસવામાં આવતાં તે શુદ્ધ કહેવાય છે. પરદ્રવ્યના લક્ષને છોડી સ્વદ્રવ્યને ઉપાસવામાં આવતો તે શુદ્ધ કહેવાય છે. શિષ્યનો પ્રશ્ન હતો કે શુદ્ધ આત્મા કોણ છે ? તેનો ઉત્તર આપ્યો કે પરદ્રવ્યના લક્ષને છોડી સ્વદ્રવ્યને સેવવામાં આવતો તે શુદ્ધ કહેવાય છે. વસ્તુ તો શુદ્ધ છે પણ તેને ઉપાસવામાં આવતાં તે શુદ્ધ કહેવાય છે.

પ્રભુ ! તું તો છો તેવો જ છો પણ પરદ્રવ્યોનું લક્ષ છોડી તેનાથી ભિન્નપણે સ્વદ્રવ્યને ઉપાસવામાં આવ્યો ત્યારે તું શુદ્ધ છો. સ્વદ્રવ્યનું લક્ષ કરવા પરદ્રવ્યનું લક્ષ છોડ. રાગદ્વેષની વાત અહીં કહી નથી કેમ કે પરનું લક્ષ છૂટતાં રાગાદિનું લક્ષ અરે ! ગુણ–ગુણીના ભેદનું પણ લક્ષ છૂટી જાય છે અને પરદ્રવ્યોનું લક્ષ છોડી તેનાથી ભિન્નપણે સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે તેને શુદ્ધ કહેવાય છે. પરથી ભિન્નપણે ઉપાસવામાં આવે ત્યારે તેને 'શુદ્ધ' છે એમ કહેવાય, પરનું લક્ષ છૂટતાં વચ્ચેના વ્યવહારરત્નત્રયના રાગનું પણ લક્ષ છૂટી જાય છે, ને સ્વદ્રવ્યનું લક્ષ થાય છે તેને તે શુદ્ધ કહેવાય છે. –એ રીતે શુદ્ધ આત્મા કોણ છે ? –તેનો ઉત્તર કહ્યો.

# પર્યાયને ગૌણ કહી છતાં અનુભવમાં તો પર્યાયની જ મુખ્યતા છે

**શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામી નિજ આત્મદ્રવ્યનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે. તેથી ત્રિકાળીને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહીને નથી એમ કહ્યું છે. પરંતુ ગૌણ કહેતાં કાંઈ પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. અપરિણામી ઉપર દ્રષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે, પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે લક્ષની અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી છે તો પર્યાયની જ મુખ્યતા, કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. દ્રવ્યનું લક્ષ કરતાં જે વીતરાગતા પ્રગટ થાય છે એજ મુખ્ય છે. વેદનમાં આવે એ જ મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કહ્યું પણ જે વેદન આવ્યું એ વેદનને તું ગૌણ ન કરીશ. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ જ મુખ્ય છે. પર્યાય સ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. ત્રિકાળીનું વેદન હોતું નથી માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે.**

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૨૦૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અદ્ભૂત પ્રવચનમાંથી, મલાડ, તા. ૧૫-૪-૮૦)

અપરિણામી નિજ આત્માને આશ્રય લેવાનું કહેવામાં આવે છે. અપરિણામી એટલે ધ્રુવ, પર્યાય વિનાનું કુટસ્થ તેનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. ત્યાં અપરિણામી એટલે શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ અપરિણામી નિજ

આત્મા છે. અપરિણામીનું જોર આપતાં ૧૧મી ગાથામાં પર્યાયને અભૂતાર્થ કહી. પરંતુ કોઈ એમ લઈ લે કે પર્યાય જૂઠી જ છે તો એમ નથી. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અભૂતાર્થ એટલે કે નથી એમ કહ્યું છે ને ત્રિકાળીને મુખ્ય કરી નિશ્ચય કહી તે ભૂતાર્થ એટલે કે 'છે' એમ કહ્યું છે.

શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામીનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે. નહીં પલટતો, નહીં બદલતો, પર્યાયપણે નહીં થતો એવો જે ભગવાન આત્મા તેનો આશ્રય કરવો એ જ સમ્યગ્દર્શન છે. તેથી શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં ત્રિકાળીને 'છે' એમ કહ્યું છે ને પર્યાયને નથી એમ કહ્યું છે. ધ્રુવને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને અભૂતાર્થ કહી છે. અભૂતાર્થ એટલે નથી, કઈ અપેક્ષાએ નથી? –કે ત્રિકાળીનું લક્ષ કરવા માટે પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહી, નથી એમ કહ્યું છે.

સમયસાર ગાથા કરતાં, પ્રમત્ત–અપ્રમત્ત પર્યાયમાં છે, નથી એમ નહીં. ૧૪મી ગાથામાં પણ પર્યાયનું અસ્તિત્વ છે–એમ કહ્યું છે. વેદાંતની માફક પર્યાય નથી એમ નથી પર્યાય છે પણ તે પર્યાયને ગૌણ કરીને અભાવ બતાવીને ભાવવાળા ત્રિકાળી તત્ત્વની નજર કરાવવી છે અને એના પર નજર થતાં સમ્યગ્દર્શન થતાં ત્યાં પરમ આનંદનો અનુભવ થાય. પર્યાય–દ્રષ્ટિથી દુઃખ થાય. પર્યાય છે ખરી પણ તેના આશ્રયે દુઃખી થાય અને તે તો અનાદિથી પર્યાયના આશ્રયે દુઃખી થઈ રહ્યો છે. તેથી તેને ગૌણ કરીને ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે.

ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે તેથી તેની પર્યાયમાં પ્રમાણપણું છે એનો અભાવ થતો નથી. આત્મદ્રવ્ય પ્રમાણની અપેક્ષાએ માત્ર અપરિણામી નથી. પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. અપરિણામીનો આશ્રય લેવા કહ્યું છે પરંતુ પ્રમાણની અપેક્ષાએ એકલો અપરિણામી નથી. પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. અપરિણામીનો આશ્રય લેવા કહ્યું છે પરંતુ પ્રમાણની અપેક્ષાએ એકલો અપરિણામી નથી, પલટતો ને બદલતો છે. અપરિણામી ધ્રુવ તરીકે છે અને એનો નિર્ણય કરનાર અનિત્ય છે. અનિત્ય એ ધ્રુવનો નિર્ણય કરે છે. પલટતી પર્યાય નહીં બદલતા ત્રિકાળીનો નિર્ણય કરે છે. અપરિણામીની હયાતીનો નિર્ણય અપરિણામી નથી કરતો. કુટસ્થ, ધ્રુવ, અપરિણામી છે–એવો નિર્ણય પર્યાય કરે છે અને છતાં એ પર્યાય ધ્રુવમાં જતી નથી કે ધ્રુવ એ પર્યાયમાં આવતું નથી.

પ્રમાણની અપેક્ષાએ આત્મા પલટતો નથી, બદલતો નથી, ધ્રુવ જ છે–એમ નથી. પ્રમાણ અપેક્ષાએ ભગવાન આત્મા અપરિણામી તેમ જ પરિણામી પણ છે. ભગવાન આત્મા નહીં બદલતો તેમ જ બદલતો પણ છે. બદલતો જ નહીં બદલતાનો નિર્ણય કરે છે.

અપરિણામીનું આટલું બધું જોર દેવા છતાં એનો નિર્ણય કરનારી પર્યાય છે, પર્યાય છે, નથી એમ નથી.

પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય અપરિણામી તેમ જ પરિણામી છે પણ અપરિણામી ઉપર દ્રષ્ટિ દેતા એટલે કે નહીં બદલતાં નિત્ય ધ્રુવ ઉપર દ્રષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે. નિર્ણય તો પર્યાયમાં જ થાય છે પણ પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર છે તેથી નિર્ણય કરનારી પર્યાય ગૌણ રહે છે એટલે કે પર્યાયની મુખ્યતા આવતી નથી. મુખ્યતા તો ત્રિકાળીની જ આવે છે. પર્યાય ગૌણપણે રહે છે. ગૌણપણે કહેતાં વર્તમાન પર્યાય પણ છે અને એ પર્યાય જ અપરિણામીનો નિર્ણય કરે છે. અનિત્ય એ નિત્યને જાણે છે, નિત્ય છે તે નિત્યને જાણતું નથી. જાણનાર પર્યાય પોતે અનિત્ય છે, એ નિર્ણય કરે છે છતાં તેને નથી એમ કહીને ત્રિકાળી ધ્રુવનો આશ્રય કરાવ્યો છે. જો પર્યાય નથી જ તો નિર્ણય કરનાર જ નથી અને તો જેનો નિર્ણય કરવો છે એ વસ્તુ પણ નથી.

કોઈ એકાંત તાણી ન જાય, તેથી અહીં આ વાત લીધી છે. પ્રમાણમાં તો દ્રવ્ય ને પર્યાય બન્ને આવે છે, ત્યારે તો વીતરાગતા થાય છે. પર્યાય ત્રિકાળી વીતરાગતાનો નિર્ણય કરે છે અને તેથી પર્યાયમાં વીતરાગતા આવે છે. તેથી પ્રમાણમાં ત્રિકાળી વીતરાગતા આવી ને તેનો નિર્ણય કરનારી વીતરાગી પર્યાય પણ આવી. વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગતાનો નિર્ણય કરે છે. છતાં એ વીતરાગી વર્તમાન પર્યાય ત્રિકાળી વીતરાગતામાં આવી જતી નથી, અપરિણામીનો નિર્ણય કરવા છતાં એ પર્યાય અપરિણામીરૂપે થતી નથી. પર્યાયમાં તો પર્યાયની જ ધ્રુવતા આવે છે અને એ ધ્રુવતા ત્રિકાળી ધ્રુવના લક્ષે આવી છે છતાં ધ્રુવમાથી આવી નથી; પર્યાય સ્વતંત્ર છે, કેમ કે ધ્રુવ એકરૂપ છે અને જો તેમાંથી પર્યાય આવતી એકાંત કહીયે તો પર્યાય એક સરખી આવવી જોઈએ, પણ મોક્ષમાર્ગની પર્યાય એકરૂપ હોતી નથી નથી, શુદ્ધિ થાય છે, ટકે છે, વધે છે–એમ અનેકરૂપ અવસ્થા થાય છે.

અપરિણામી ઉપર દ્રષ્ટિ દેતા પરિણામ ગૌણ થઈ જાય છે. પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે અલિંગગ્રહણના ૨૦માં બોલમાં કહ્યું કે એકરૂપ ધ્રુવ છે તેને સ્પર્શ્યા વિના આત્માની પર્યાયમાં આનંદ ને વીતરાગતાનું વેદન થાય છે. ત્રિકાળી ધ્રુવને સ્પર્શ્યા વિના ધ્રુવને સાથે ભેગું લીધા વિના એકલી વીતરાગી પર્યાય પ્રગટ થાય છે, ત્રિકાળીને સ્પર્શ્યા વિના, તેનું આલંબન લીધા વિના પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે.

અપરિણામી ઉપર દ્રષ્ટિ દેતાં પર્યાય ગૌણ થતાં વીતરાગતા પ્રગટ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા થાય છે. પર્યાયને ગૌણ કરતાં પર્યાયમાં વીતરાગતા

થાય છે. ભગવાન આત્મા ભગવાન સ્વરૂપે હોવા છતાં તેનું આલંબન લીધા વિના પર્યાયમાં ભગવાનપણું પ્રગટ થાય છે.

અહીં બેનું બેપણું રાખવું છે. બેનું બેપણું રાખે ત્યારે બેનું પ્રમાણ જ્ઞાન થાય છે. બેમાંથી એકને મુખ્ય ને એકને ગૌણ કરવા જાય તો પ્રમાણજ્ઞાન રહેતું નથી. જે પર્યાય વીતરાગરૂપ થાય છે તે વીતરાગીનું આલંબન લીધા વિના થાય છે. વીતરાગી પર્યાય વીતરાગી ધ્રુવના આલંબન વિના થાય છે, પર્યાય સ્વતંત્ર સત્ છે. જો એ પર્યાય દ્રવ્યના આશ્રયે એકાંત ઉત્પન્ન થાય તો વસ્તુ વીતરાગ સ્વરૂપ એકરૂપ છે તો પર્યાયમાં પણ એક પ્રકારની જ વીતરાગતા આવવી જોઈએ, પણ પર્યાય સ્વતંત્ર છે, એ પરિણામી હોવા છતાં ને ત્રિકાળી વીતરાગીનો આશ્રય લેવા છતાં તેના અવલંબન વિના એ પર્યાય વીતરાગ સ્વરૂપે પરિણમે છે.

પર્યાય ગૌણ થઈ જાય છે તેનો અર્થ વીતરાગનો અનુભવ ગૌણ થઈ જાય છે એમ નહીં. ગૌણ થઈ એટલે વીતરાગતા પર્યાયમાં ન આવી કે વીતરાગતા પર્યાયમાં ન થઇ માટે ગૌણ થઈ ગઈ એમ નહીં. ફકત લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નથી, માટે ગૌણ કહ્યું. વીતરાગી પર્યાય થઈ તેના ઉપર લક્ષ નહીં પણ ધ્રુવ ઉપર લક્ષ છે, છતાં ધ્રુવને તે પર્યાય અવલંબતી નથી. અપરિણામી એ પરિણામમાં આવતું નથી છતાં એ પરિણમમાં અપરિણામીનું જ્ઞાન ને વીતરાગી પર્યાય આવે છે.

વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગ આ છે એમ નિર્ણય કરે છે અને તેથી વીતરાગી આનંદ આવવા છતાં વીતરાગી આનંદને ગૌણ કરવો એમ કહ્યું તેનો અર્થ તેના ઉપર લક્ષ ન રાખવું, લક્ષ ધ્રુવ ઉપર રાખવું, પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર હોવા છતાં તે પર્યાય પરતંત્ર નથી. એ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કરે છે. ષટ્કારકનું પરિણમન ઊભું કરીને એ પર્યાય ત્રિકાળી ધ્રુવ વીતરાગતાને જાણે છે એ દ્રવ્યને લઇને નથી, પર્યાય સ્વતંત્ર કર્તા છે. સ્વતંત્ર કર્તા થઇને ફક્ત ધ્રુવ ઉપર લક્ષ કરે છે એવું જ પર્યાયના કર્તાપણાનું સ્વરૂપ છે. વીતરાગી દ્રવ્યનું લક્ષ કર્યું માટે દ્રવ્ય કર્તા છે ને વીતરાગી દ્રવ્યનો આશ્રય આવ્યો માટે વીતરાગી પર્યાય પરાધીન છે–એમ નથી.

આત્મા જ પોતે એવો છે કે પરમાત્માનું તો નહીં પણ ત્રિકાળીના પણ આલંબન વિના વીતરાગપણાના આનંદને અનુભવે છે. પરિણામ ગૌણ થઈ જાય એટલે પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી, પર્યાયનો કાંઈ અભાવ થઈ જતો નથી, ભાવરૂપે જ રહે છે, છતાં ગૌણ કેમ કહ્યું ? –કે લક્ષ મુખ્ય ધ્રુવ ઉપર છે માટે ગૌણ કહ્યું, બાકી છે તો પર્યાયની મુખ્યતા, કેમ કે નિર્ણય કરનાર પોતે જ છે. ત્રિકાળી નિત્યાનંદના નાથનો નિર્ણય કરનાર પર્યાય પોતે જ વીતરાગપણે પરિણમતી થકી ત્રિકાળીનું લક્ષ રાખવા છતાં પરાધીન થઈ

નથી, પોતાથી વીતરાગ પર્યાય ષટ્કારકપણે ઉત્પન્ન થાય છે. ગૌણ થાય છે કહ્યું છતાં એ વીતરાગી પર્યાય નિરપેક્ષ છે. વીતરાગી સ્વભાવનો નિર્ણય કરવા છતાં ને અનુભવમાં એ આવવા છતાં દ્રવ્ય પર્યાયમાં આવતું નથી ને પર્યાય દ્રવ્યમાં જતી નથી, પર્યાય તો પર્યાયપણે રહીને દ્રવ્યની દ્રષ્ટિ કરે ત્યાં પર્યાય ઉપર લક્ષ નથી તે અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી તો પર્યાય મુખ્ય જ છે અનુભવમાં; અનુભવમાં દ્રવ્ય નથી.

પર્યાયને ગૌણ કહી છતાં પર્યાયની જ મુખ્યતા છે. ગૌણ એટલે એનું લક્ષ દ્રવ્ય તરફ રાખવું, પર્યાય તરફ ન રાખવું, છતાં વલણ કરનારી પર્યાય દ્રવ્યની અપેક્ષા રાખતી નથી. વીતરાગી આનંદનો અનુભવ સ્વતંત્રપણે પોતે કર્તા થઈને વીતરાગી આનંદના કાર્યને પોતે અનુભવે છે. કર્તા પરિણામીના પરિણામ થયા તે જ મુખ્ય છે. ત્રણ લોકના નાથ પૂર્ણાનંદ પ્રભુ એનો જે અનુભવ કર્યો એ અનુભવની જ મુખ્યતા છે, ગૌણ કરી એમ કહ્યું છતાં તેને અહીં મુખ્ય કરે છે કેમ કે દ્રવ્યનો અનુભવ નથી, અનુભવ તો પર્યાયનો છે માટે અનુભવ ગૌણ ન કરવો, એ મુખ્ય છે. ત્રિકાળી ચીજ છે એ ધ્રુવ છે, એનું વેદન નથી. ધ્રુવની તરફ સ્વતંત્રતપણે લક્ષ કરીને વીતરાગી આનંદ અનુભવે છે તે પયાય છે, તે જ મુખ્ય છે. વીતરાગી આનંદનો અનુભવ એ જ મુખ્ય છે.

ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગ ભાવે થયો એ ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી, અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું, અનુભવની અપેક્ષાએ ગૌણ નહીં. અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. મારું વીતરાગીતત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું ત્યાં તો વીતરાગી દશા પ્રગટ થાય છે–એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહીં ચાલે. પૂર્ણાનંદના નાથને તેં જાણ્યો ને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હો ! એ તો લક્ષ કરાવવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું, પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે.

વીતરાગ સ્વરૂપ ભગવાનને જેણે અનુભવ્યો તેને વીતરાગી આનંદ સમયે સમયે થયા જ કરે છે. પર્યાયસ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે, એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. દ્રવ્યની પણ તાકાત નથી કે તેને ગૌણ કરે. વેદનને મુખ્ય કરનાર દ્રવ્ય પર્યાયને ગૌણ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી, કેમ કે ત્રિકાળીનું વેદન હોતું નથી, માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢોરા પીટાય છે.

( ગતાંકથી ચાલુ )

# શુદ્ધાત્મ-અવલોકન

## जाण अलिंगग्गहणम्।

( શ્રી પ્રવચનસાર, ગાથા–૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

## * પ્રવચન છઠ્ઠું *

( વીર સં. ૨૫૦૪, માગશર સુદ ૨, સોમવાર, તા. ૧૨–૧૨–૭૭ નું પ્રવચન )

શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ગાથા ૧૭૨ માં અલિંગગ્રહણના વીસ બોલ ચાલે છે, તેમાં પ્રથમ પાંચ બોલ નાસ્તિના અને એક અસ્તિનો એમ છ બોલ ચાલ્યા. હવે ઉપયોગની વાત ચાલે છે.

**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે, આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૭**

અહીં એમ કહે છે કે જે જાણવા–દેખવાનો ઉપયોગ છે તેને આલંબન આત્માનું છે, આત્માના આલંબને જે કાંઈ ઉપયોગ થાય તેને ઉપયોગ કહેવામાં આવે છે, એ ઉપયોગને જ્ઞેય પદાર્થનું આલંબન નથી એટલે કે જે ઉપયોગમાં જ્ઞેય પદાર્થ નિમિત્ત પડે ને ઉપયોગ થાય એ આત્માનો ઉપયોગ નહિ. પર તરફના વલણવાળી દશા એ ઉપયોગ આત્માનો નહિ. પરસત્તાના અવલંબનવાળું જ્ઞાન તે આત્માનો ઉપયોગ નહિ.

કોઈ એમ કહે છે કે "પરદ્રવ્યનું કોઈનું કાંઈ કરે જ નહિ તે એકાંત છે" તો અહીં તો પરદ્રવ્યના આલંબનવાળા જ્ઞાનને પણ જ્ઞાન કહેતા નથી. ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. ઉપયોગ નામના લક્ષણથી બીજાના આલંબને ઉપયોગ પ્રગટે એવો એ નથી માટે તે અલિંગગ્રહણ છે. કર્મના નિમિત્તે વિકાર થાય નહિ–એમ વિકારનું જે જ્ઞાન થાય, જ્ઞાનમાં વિકારનું જ્ઞાન થાય, એ જ્ઞાનના વેપારમાં નિમિત્તનું આલંબન છે તેથી તે જ્ઞાનઉપયોગ આત્માનો નહિ. રાગ થયો એ પોતાથી થયો; જ્ઞાનનો ઉપયોગ તે રાગને જાણે છે પણ રાગ જેમાં નિમિત્ત છે એવું જે જ્ઞાન તે આત્માનો ઉપયોગ નહિ. આ તો હજુ વ્યવહારશ્રદ્ધા છે, નિશ્ચયશ્રદ્ધા તો અંદરમાં આનંદનું વેદન

કરવું એનું નામ નિશ્ચય શ્રદ્ધા છે. નિશ્ચય એટલે વસ્તુ જેવી છે એવી પ્રતીતમાં આવતાં વસ્તુમાં આનંદ છે તે આનંદ પણ વેદનમાં આવવો જોઈએ ત્યારે એને નિશ્ચય સમ્યગ્દર્શન–સાચી શ્રદ્ધા કહેવામાં આવે છે. આનંદનો સાગર ભગવાન, અતીન્દ્રિયમૂર્તિ પ્રભુ, એનો ઉપયોગ ત્યારે કહેવાય કે એ અતીન્દ્રિયને સ્પર્શીને જે ઉપયોગ પર્યાય થાય એને આત્માનો ઉપયોગ કહે છે; કે જે ઉપયોગમાં આનંદનો સ્વાદ સાથે હોય.

જ્ઞાનના ઉપયોગમાં પરદ્રવ્યના આલંબનવાળો ઉપયોગ તે જીવનો નહિ, કેમ કે પર દ્રવ્યના ઉપયોગમાં બાહ્ય લક્ષ જતાં તેને આનંદ આવતો નથી, ત્યાં તો આકુળતા છે. પરસન્મુખ જ્ઞાન થાય એ થાય છે પોતાથી, કાંઈ નિમિત્તથી થતું નથી, પણ જેને નિમિત્તનું આલંબન છે, તે ઉપયોગ જીવનો નહિ. જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે; અહીં ઉપયોગ નામનું લક્ષણ કહ્યું, કોનું લક્ષણ કહ્યું ?–કે જીવનુ, આત્માનું. હવે આત્માનું જે લક્ષણ છે તે નિમિત્તને અવલંબને થાય એ લક્ષણ જ નથી. ભાઈ! આ તો ધીરા થઈને સમજવાની વાત છે. આત્માનું લક્ષણ ઉપયોગ છે, લક્ષ્ય આત્મ દ્રવ્ય છે; હવે એ ઉપયોગ નામના લક્ષણ વડે જે લક્ષણ લક્ષ્યને જાણે એવા લક્ષણમાં પરજ્ઞેયને જાણવાનુ જે અવલંબન થાય તે ઉપયોગ જીવનો નહિ. આહાહા! ગજબ વાતો કરી છે ને! પરસત્તાવલંબી જ્ઞાન સમકિતીને પણ હોય પણ એ સ્વઉપયોગ નહિ. એ જ્ઞાનનો–આત્માનો ઉપયોગ નહિ. જે ઉપયોગમાં નિમિત્તનું અવલંબન ને આશ્રય આવે તે ઉપયોગ આત્માનો નહિ.

ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ કહે છે કે જે જ્ઞાન–દર્શનનો ઉપયોગ છે તે આત્માનું લક્ષણ છે એટલે કે એ તો આત્માને જાણે, લક્ષણ પરને જાણવા તરફ વળ્યું હોય એ આત્માનું લક્ષણ નહિ. દ્રવ્યશ્રુતનું બાર અંગનું પર તરફના લક્ષણવાળું શબ્દજ્ઞાન છે તે આત્માનું નહિ. ભાવશ્રુત સ્વને આશ્રયે થાય છે તે ભાવશ્રુતજ્ઞાન આત્માનું છે. જ્ઞાન આત્માનું લક્ષણ છે અને તે જ્ઞાન પરને જાણવા તરફ વળે; જેનું લક્ષણ છે તેને જાણવા ન વળે અને જેનું લક્ષણ નથી તેના તરફ વળે એ આત્માનો ઉપયોગ નહિ. ગજબ વાત છે! દિગમ્બર સંતો સત્ય ધર્મ પ્રગટ કરીને કહે છે.

આ તો અંતરની વાતો છે. કહે છે કે પ્રભુ! તું કોણ છો? –કે જ્ઞાન–જાણવું એ લક્ષણ વડે લક્ષ્ય થાય એવો તું છો, અથવા લક્ષ્યથી જે ઉપયોગ થાય તે ઉપયોગ તારો છે. લક્ષ્ય જે વસ્તુ ભગવાન આત્મા છે તેના લક્ષે જે ઉપયોગ થાય તે ઉપયોગ જીવનો છે અને તે ઉપયોગ મોક્ષનું સાધન છે. ગજબ વાત છે. ધીરે ધીરે એને સમજવું જોઈએ ભાઈ! આતો અધ્યાત્મની અંતરની વાતો છે. જેને જાણવાના ઉપયોગમાં પરનું આલંબન હોય તે ઉપયોગ નહિ. ઉપયોગ નામના લક્ષણનું લક્ષ્ય તો ભગવાન અંદર ચિદાનંદ

પ્રભુ છે તેનું લક્ષ્ય છે. અહીં તો જન્મ–મરણને ઉથાપી નાખવાની વાતો છે. ચોરાશીના અવતાર થાય એ ભાવ તો એનો નથી પણ એ પરને લક્ષે થયેલો જ્ઞાનનો ઉપયોગ પણ એનો નથી, સ્વના લક્ષથી જે ઉપયોગ પ્રગટ થાય તે ઉપયોગ મોક્ષનું કારણ છે, પરના લક્ષે જે ઉપયોગ થાય તે બંધનું કારણ છે; પરસત્તાવલંબી ઉપયોગ તે બંધનું કારણ છે.

શ્રી પરમાર્થવચનિકામાં કહ્યું છે કે 'પરસત્તાવલંબી જ્ઞાનને ધર્મી મોક્ષનું કારણ કહેતો નથી.' અરે! સમકિતી ગૃહસ્થો થઈ ગયા એમણે પણ કામ કર્યાં છે ને! જ્ઞાનસ્વભાવ એ કોઈ બંધનું કારણ નથી, તેમ કર્મનો ઉદય છે તે પરસ્તુ છે એને લઈને બંધનું કારણ નથી; એ બે બંધના કારણ નથી તો બંધનું કારણ કોણ છે? –તો કહે છે કે રાગ ને દ્વેષના પરિણામ તે બંધનું કારણ છે, બંધ અધિકારમાં કહ્યું છે કે ઉપયોગની ભૂમિકામાં રાગદ્વેષને કરે તે બંધનું કારણ છે, ચારેકોરથી જુઓ તો વાત એકધારી નીકળે છે.

ઉદયથી બંધ થાય તો કાઈ દિવસ બંધરહિત થઈ શકે નહિ, પોતે રાગદ્વેષનો ભાવ કરે તો તે બંધનું કારણ છે. એ રાગદ્વેષ કોઈ કર્મથી થયા નથી કે આત્માનો સ્વભાવ નથી, ઉપાધિભાવ છે. જ્ઞાનસ્વરૂપી પ્રભુ જ્ઞાનનો સ્વના લક્ષે વેપાર કરે તે ઉપયોગ તે મોક્ષના કારણમાં આવે છે અને તેને જ જીવનો ઉપયોગ કહીએ છીએ, તે આત્મા જેમ મોક્ષના કારણમાં છે તેમ એનો ઉપયોગ પણ મોક્ષના કારણમાં છે. આહાહા! આવી વાતો છે, તે વિરલ વિરલ, વિરલ, જીવને બેસે તેવી વાત છે. વિરલા જાણે તત્ત્વને, વિરલા સાંભળે કોઈ, વિરલ જાણે કોઈ, વિરલા શ્રદ્ધે કોઈ. ઓહોહો! દિગમ્બર સંતો અને દિગંબરના ગૃહસ્થો પણ અલૌકિક વાતો કરી ગયા છે! !

ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે જ્ઞેયપદાર્થોનું આલંબન જેને નથી. ઉપયોગ નામના લક્ષણને જે જ્ઞેયો પરપદાર્થ છે–ચાહે તો તીર્થંકર ભગવાન હો, તીર્થંકર ભગવાનની વાણી હો, કે આચાર્યભગવંતરચિત શાસ્ત્રો હો–એ પરજ્ઞેયનું આલંબન જેને ઉપયોગમાં નથી એને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આ તો ચમત્કારિક અધ્યાત્મિક ગ્રંથ છે, એની વાણીમાં ચમત્કાર છે, વસ્તુમાં ચમત્કૃતિ છે, એ વાણી દ્વારા ચમત્કૃતિ ખુલ્લી કરી છે.

ઘણીવાર સમજાવીએ છીએ, કોઈ પણ નાસ્તિક જીવ વિચાર કરો કે આકાશનો ક્યાં અંત છે? આ...... આ..... આ...... આ..... આકાશ આમ ને આમ...... છે...... છે........ છે તેનો અંત ક્યાં છે? પછી.......... પછી.......... પછી.......... પછી.......... અનંત......... અનંત........ અનંત...... અનંત....... અનંત........ અનંતને અનંતગુણા કરો એવું અનંત ચાલ્યું જાય તોય પણ આકાશનો અંત નથી તે

શું ચીજ છે આ? જેની ચમત્કૃતિ ક્ષેત્રની પણ જ્યાં અનંત છે, જેના કાળની ચમત્કૃતિ....આદિ નહિ......આદિ નહિ.... તો પહેલો સમય ક્યારે? અરે પર્યાય પહેલી ક્યારે? પર્યાય તો નવી નવી થાય છે તો પર્યાય પહેલી ક્યારે? –તો પર્યાયમાં પણ ચમત્કૃતિ છે, પર્યાય પહેલી કેવી? દ્રવ્ય જેમ અનાદિ છે તેમ પર્યાય પણ અનાદિ જ છે. આ તો અંદર વિચારમાં ગોઠવે તો બેસે તેવું છે. જેના ક્ષેત્રની પણ આવી અદ્‌ભૂતતા છે, અચિંત્યતા છે તો તેના જાણનાર ભગવાનની અચિંત્યતાની શી વાત કરવી? એ તો ચૈતન્યચમત્કારી પ્રભુ ચિંતામણિરત્ન છે, જેના કાળની આદિનો વિચાર કરતાં પણ અદ્‌ભૂતતા લાગે છે–કોઈ કહે કે એ તો ઈશ્વરે કર્યું તેની મહિમા અદ્‌ભૂત છે. તેને કહે છે કે ઈશ્વરે કર્યું તે પહેલાં શું હતું? પહેલાં ખાલી હતું? તો ઈશ્વર પોતે ક્યાંથી થયા? –તો કહે કે એ તો અનાદિ હતા. તો કહે છે કે તો પછી આ વસ્તુઓ પણ ખરેખર અનાદિ જ છે. વળી ઈશ્વરને અનંત કાળ વીતી ગયો પછી વિચાર આવ્યો કે હવે સૃષ્ટિની રચના કરું, અનંત અનંત કાળ વીતી ગયો પછી થયું કે હવે કરું એનો શું અર્થ? બાપુ! તને વસ્તુની ખબર નથી. દરેક વસ્તુ ચમત્કારિક છે.

જેને કાળની આદિ નહિ, અરે એની પર્યાયની આદિ નહિ, દ્રવ્યની આદિ તો ભલે નહિ પણ પહેલી પયાર્ય કઈ? દ્રવ્યની પહેલી અવસ્થા કઈ? સંસારની હાલત અનાદિની છે તેમાં પહેલી હાલત કઈ? એમ જે સિદ્ધ ભગવાન છે એમાં પહેલાં સિદ્ધ કયા? તો કહે છે કે સિદ્ધ પરમાત્મદશા પણ અનાદિની છે, અનંત સિદ્ધો અનાદિથી છે. અહીં વિકૃત સંસારદશા પણ અનાદિની છે. કાળ પણ આદિ વિનાનો છે, ક્ષેત્ર પણ આદિ વિનાનું છે અને એક એક દ્રવ્યના ભાવ અંત વિનાના અમાપ શક્તિવાળા છે. જેના ક્ષેત્રનું માપ નહિ, કાળનું માપ નહિ, પર્યાયની આદિ નહિ એવો જે ચૈતન્યભગવાન એના જે ગુણો, એ ગુણનું માપ નહિ, અંત નહિ; ચૈતન્યભગવાનનો અહીં ક્ષેત્રે અંત આવ્યો છે પણ ભાવની સંખ્યાનો અંત નહિ. આહાહા! શું વાત કરે છે! ! એવા અમાપ.... અમાપ.... જેના માપ ન મળે, પર્યાયમાં અનંતનું માપ આવી જાય પણ એ અનંતનું અનંતપણે જ્ઞાન આવી જાય. ગુણ અનંત છે તેનું જ્ઞાનમાં માપ આવી ગયું પણ તેથી તે ગુણોનું અમાપપણું છે તે તો અમાપપણે જ માપમાં આવે છે.

જૈનદર્શન એ વસ્તુનું સ્વરૂપ છે, એ કોઈ વાડો કે સંપ્રદાય નથી, જૈનદર્શનમાં જ આવી વાતો કરી છે. બીજે ક્યાંય આવી એક વાત પણ નથી. પરમેશ્વર ત્રિલોકનાથ એ સર્વજ્ઞ પણ અનાદિના છે. ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારાનો કોઈ દિવસ વિરહ ન હોય. લોકો કહે છે કે આ જૈનધર્મ તો એક વાણિયાનો છે એમ કરીને તેનું મહત્ત્વ કાઢી નાખે છે. વસ્તુનો સ્વભાવ જ અનાદિનો છે, દ્રવ્ય–ગુણ–પર્યાય અનાદિના છે. વસ્તુની

શુદ્ધતા પણ અનાદિની છે તેમાં જરીયે અશુદ્ધતા થઈ નથી. પર્યાયમાં ગમે તેટલી અશુદ્ધતા વીતી હોય, નરકના અનંતા અનંતા દુઃખો સહન કર્યાં છતાં દ્રવ્યમાં કોઈ દિ' કાંઈ ઘસારો થયો છે–એમ નથી. ભાઈ! તેં અના અસ્તિત્વનો વિચાર કર્યો નથી. આવા વિચારથી અસ્તિત્વની પ્રતીતિ કરે તો નિર્વિકલ્પ દ્રષ્ટિ થઈ જાય. નિર્વિકલ્પ દ્રષ્ટિ વિના આવા અચિંત્ય સ્વભાવની પ્રતીતિ કોઈ દિવસ ન આવે. જે અચિંત્ય સ્વરૂપ છે, જેના ગુણની સંખ્યાનો ક્યાંય ગણતરીમાં અંત નહિ, કે અહીં અનંત ગુણ પૂરા થયા. શું છે આ બધું? બાપુ! વસ્તુની શક્તિનું વર્ણન સર્વજ્ઞ ભગવાને કહ્યું તેવું બીજે ક્યાંય નથી એનો આત્મા પણ અંદરથી પોકારીને કહે છે એવા અમાપ.... અમાપ જેની સંખ્યાનું માપ નહિ. માપ નથી ત્યારે જ્ઞાનમાં આવ્યું કેમ? એ લક્ષણ દ્વારા દ્રવ્યના અમાપ ગુણનું માપ શી રીતે આવ્યું? બાપુ! અમાપ છે તેનું જ્ઞાનમાં અમાપ રીતે માપ આવ્યું છે. જેમ આકાશ અનંત છે તો જ્ઞાને અનંતને અનંતપણે જાણ્યું; કાંઈ જ્ઞાને જાણી લીધું માટે ત્યાં અનંતનો અંત આવી ગયો એમ નથી.

અરે! કોઈ દિવસ એણે અંદર વિચાર કરીને વસ્તુને અસ્તિપણે માની નથી; એમ ને એમ ઓઘે ઓઘે માનીને હાલ્યો જાય છે. અહીં તો પરમાત્મા એમ કહે છે કે ઉપયોગ લક્ષણ તો જીવનું છે પ્રભુ! આત્માના ઉપયોગ નામના લક્ષણ વડે આત્માનું લક્ષ થાય અને ઉપયોગ તેના લક્ષથી આવે એ સિવાય પરજ્ઞેયનું આલંબન આવીને જે ઉપયોગ ઉત્પન્ન થાય એ ઉપયોગ જીવનો નહિ. કેમ કે જ્ઞાન લક્ષણ જેનું છે એનું લક્ષ–જ્ઞાન ન કરતાં જે લક્ષણ એનું નથી એવા પરજ્ઞેયના આલંબનથી જ્ઞાન થાય એ સ્વરૂપમાં નથી. સ્વના લક્ષે ઉપયોગમાં સ્વ–પરપ્રકાશપણું આવે એ તો સ્વના લક્ષે આવેલું છે; એ જીવનો સ્વભાવ જ સ્વ–પરપ્રકાશક છે, તો સ્વ–પ્રકાશકને લક્ષે જે સ્વ–પરપ્રકાશક પર્યાય પ્રગટી એ ઉપયોગ તો જીવનો ઉપયોગ છે પણ જેને સ્વના લક્ષ વિના એકલા પરના લક્ષે જ્ઞાનનો ઉપયોગ થાય તે જીવનો ઉપયોગ નહિ.

ગ્રહણનો અર્થ આવો કર્યો છેઃ લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે જેને એટલે આત્માને ગ્રહણ એટલે જ્ઞેય પદાર્થોનું આલંબન જેને નથી તે અલિંગગ્રહણ છે. આ તો બાપુ! વીતરાગની વાણી, સંતોની વાણી, એ તો ચમત્કારિક છે. આ કાંઈ વાર્તા કથા નથી, ભગવત્સ્વરૂપ પ્રભુને વર્ણવ્યો છે. પર્યાયની આદિ નથી એને પણ જ્ઞાને સ્વના લક્ષે જાણી લીધું, કેમ કે સ્વ જાણ્યો ત્યા અનાદિ અનંત પર્યાય સ્વને લક્ષે જણાઈ એ ઉપયોગ સ્વનો; પણ એમા જેટલું જ્ઞાન પરના આલંબનવાળુ હોય તે ઉપયોગ એનો નથી, કેમ કે ઉપયોગ લક્ષણ તો આત્માનો છે અને લક્ષણ કામ કરે છે પરને જાણવાનું.

( અનુસંધાન પાના નં. ૨૭ )

# ક્રમબદ્ધપર્યાય

## કેટલાક પ્રશ્નોત્તર

( ગતાંકથી ચાલુ )

પ્રત્યેક કાર્ય થવાનો કાળ જ નહિ, નિમિત્તાદિ બધા સમવાય નિશ્ચિત છે, અને બધું મળતાં જ કાર્ય થાય છે તથા જ્યારે કાર્ય થવાનું હોય છે અથવા જે કાર્ય થવાનું હોય છે ત્યારે તે બધા કારણ ( સમવાય ) મળે જ મળે છે. એમ નથી બનતું કે કોઈવાર કોઈ મળે અને કોઈવાર બીજા, બધા એક સાથે મળવાને કારણે જ તેમને સમવાય કહેવામાં આવે છે.

ડાળી ઉપર લાગેલી કેરી પાકવામાં કૃત્રિમ ગરમી આદિ આપવાના પુરુષના પ્રયત્નાદિ ન દેખાયા, તેથી જો કે કાળનયને મુખ્ય કરીને કાળલબ્ધિ આવતાં તે સ્વયં પાકી એમ કહેવામાં આવ્યું; તોપણ તેમાં ઋતુકૃત ગરમીનું નિમિત્ત પણ હતું. જ. ઘાસમાં પકાવવામાં આવેલી કેરીમાં કૃત્રિમ ગરમી આપવાનો પુરુષનો પ્રયત્ન જોવામાં આવ્યો, તેથી કાળને ગૌણ કરીને અન્ય સમવાય જેવા કે પુરુષનો પ્રયત્નરૂપ પુરુષાર્થ, ગરમીનું કૃત્રિમ નિમિત્ત આદિ એકથી વધારે સમવાયની મુખ્યતાથી તે અકાળનયની અપેક્ષાએ અકાળ અર્થાત્ કાળ સિવાયના બીજા કારણોથી પાકી એમ કહેવામાં આવ્યું.

અહીં અકાળનો અર્થ અસમય કે સમયની પહેલાં નથી, પરંતુ કાળલબ્ધિ સિવાયના અન્ય પુરુષાર્થાદિ સમવાયોનો સમુદાય છે. કાળનો અર્થ પણ સમય માત્ર નથી, પરંતુ કાળલબ્ધિ નામક એક સમવાય છે. કાળ સિવાયના બાકીના ચાર સમવાયોને એક નામથી કહેવું હતું તેથી અકાળ સિવાય બીજું શું કહી શકાય?

જેમ–જીવ સિવાયનાં પાંચ દ્રવ્યોને અજીવ કહેવામાં આવે છે; તેવી જ રીતે અહીં કાળ ( કાળલબ્ધિ ) સિવાયના ચાર સમવાયોને અકાળ કહેવામાં આવેલ છે. તેથી 'કાળનયે ' નો અર્થ છે–કાળલબ્ધિની અપેક્ષાએ કથન કરતાં અને 'અકાળનયે' નો અર્થ છે–કાળલબ્ધિ સિવાયના અન્ય પુરુષાર્થાદિ સમવાયોની અપેક્ષાએ કથન કરતાં.

વાત થોડી સૂક્ષ્મ છે, પણ સમજવા યોગ્ય છે. એને સમજ્યા વિના એનું રહસ્ય સમજી શકવું સંભવિત નથી. સૂક્ષ્મ અવશ્ય છે, પણ સમજવામાં ન આવે–એવી નથી તેથી જો ઉપયોગને સૂક્ષ્મ કરીને શ્રદ્ધાપૂર્વક સમજવાનો પ્રયત્ન કરવામાં આવે, તો સમજવામાં આવી શકે છે.

કાળનય અને અકાળનયનો 'ક્રમબદ્ધપર્યાય' સાથે કોઈ વિરોધ નથી, પરંતુ આ નય ક્રમબદ્ધપર્યાયના સાધક જ છે.

આ સંદર્ભમાં 'જયપુર ( ખાનિયા ) તત્ત્વચર્ચા' નું નિમ્નલિખિત કથન પણ જોવા જેવું છેઃ–

"વિચાર કરીને જોવામાં આવે તો કાળનયમાં કાળની વિવક્ષા છે અને અકાળનયમાં કાળને ગૌણ કરીને અન્ય હેતુઓની વિવક્ષા છે.

જ્યાં અન્ય હેતુઓને ગૌણ કરીને કાળની પ્રધાનતાથી કાર્યને દ્રષ્ટિપથમાં લેવામાં આવે છે, ત્યાં કાળનયનો વિષય થાય છે અને જ્યાં કાળને ગૌણ કરીને અન્ય વિવક્ષા અથવા પ્રયોગથી પ્રાપ્ત હેતુઓની મુખ્યતાથી કાર્યને દ્રષ્ટિપથમાં લેવામાં આવે છે, ત્યા તે અકાળનયનો વિષય થાય છે.

આ રીતે એક જ કાર્ય કાળનયનો પણ વિષય છે અને અકાળનયનો પણ જો એમ ન માનવામાં આવે તો તેમને નયવચન કહેવાનું સંગત નહિ બને.

સ્પષ્ટ છે કે આચાર્ય અમૃતચંદ્રના ઉક્ત કથનથી કોઈ પર્યાય ક્રમનિયત હોય છે અને કોઈ પર્યાય ક્રમ–અનિયત હોય છે–એમ ત્રિકાળમાં સિદ્ધ નથી થતું. ઉલ્ટું એનાથી એ જ સિદ્ધ થાય છે કે બધા કાર્ય ક્રમનિયત હોવા છતાં પણ તે વિવક્ષાભેદથી કાળ અને અકાળ–આ બન્ને નયોના વિષય છે."

( ૧૭ ) પ્રશ્નઃ– આ પ્રકારના પ્રયોગ લોકમાં તો પ્રચલિત નથી ?

ઉત્તરઃ– કેમ નથી ? કાળ સિવાયના અન્ય સમવાયને અકાળ કહેવા જેવા પ્રયોગ જિનવાણીમાં તો મળે જ છે, જેમ કે જીવ–અજીવવાળા ઉદાહરણથી સ્પષ્ટ છે, લોકમાં પણ આવા પ્રયોગ પ્રચલિત છે. 'અજૈન' શબ્દનો પણ આપણે જૈનધર્મના અનુયાયીઓ સિવાયના અન્ય ધર્મવાળાઓ માટે પ્રયોગ કરીએ જ છીએ. અજૈનમાં હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી આદિ બધા આવી જાય છે, જ્યારે આપણે એમ કહીએ છીએ કે તે અજૈન છે તો તેનો અર્થ હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી આદિ કોઈ પણ થઈ શકે છે.

જ્યારે આપણે એમ કહીએ કે આ કામ અજૈનોના સહકારથી પૂરું થયું તો આપણા આશયમાં જૈનો સિવાય અન્ય અનેક સંપ્રદાયવાળાઓ જ અપેક્ષિત હોય છે. જ્યારે આપણને એમાં ક્યાંય કોઈ શંકા નથી થતી તો પછી અકાળનો અર્થ કાળ સિવાયના બાકીના સમવાયો એમ કરવામાં પણ આપત્તિ શા માટે ?

---

૧. જયપુર ( ખાનિયા ) તત્ત્વચર્ચા, પુસ્તક ૧, પૃષ્ઠ ૩૫૧–૫૨

અકાળનો આ અર્થ આજ સુધી આપણા ધ્યાનમાં ન આવ્યો તો એનો અર્થ એ તો નથી કે તેનો આ અર્થ અનુચિત છે. આપણા ધ્યાનમાં તો ઘણી ખરી વાતો નથી, તો શું તે આપણા જ્ઞાનમાં નથી એટલા માટે જ ગલત છે. વસ્તુની વ્યવસ્થા શું આપના તુચ્છ ક્ષયોપશમ જ્ઞાનના આધારે સંચાલિત છે?

શું આ વાત વિચારવા જેવી નથી? જો છે, તો પછી એકવાર ગંભીરતાથી વિચાર કરો. વિચાર કરવાથી બધું જ સ્પષ્ટ થઈ જશે.

( ૧૮ ) પ્રશ્નઃ– "બધું જ નિશ્ચિત છે, તેમાં ક્યાંય પણ કોઈ ફેરફાર કરી શકાતો નથી" –આમ માની લેવાથી આવેલી અથવા સંભાવિત વિપત્તિની ખબર પડતાં જ આખા વિશ્વમાં ભયનું વાતાવરણ ફેલાઈ જશે; કેમ કે 'બધું જ નિશ્ચિત' અનુસાર તેને રોકવાનો પ્રયત્ન સંભવિત નથી.

જો કે 'બધું જ નિશ્ચિત' ન માનવાથી ભલે આપણો કરવામાં આવેલ કોઈ પ્રયત્ન સફળ ન થાય તો પણ સફળતાની સંભાવનાથી આશા તો બની રહે છે, નિરાશાનું વાતાવરણ તો બનતું નથી.

કહેવત છે કે 'આશાથી આસમાન ટક્યું છે. ' તાત્પર્ય એ છે કે આખી દુનિયા આશાથી જ ચાલી રહી છે; જો આશા ન રહે તો સંસારમાં રહેવું પણ મુશ્કેલ થઈ જાય અને કાર્યની સફળતા માટે કરવામાં આવતા પ્રયત્નો પ્રત્યે ઉત્સાહ પણ ન રહે.

એક પક્ષી એક એક તણખલું ભેગું કરીને અથાગ પરિશ્રમ કરીને એક માળો બનાવે છે અને તે નષ્ટ થઈ જતાં અથવા નષ્ટ કરવામાં આવતાં ફરી તે જ પ્રયત્નમાં લાગી જાય છે. એનો એક માત્ર આધાર આશા જ રહે છે, નિરાશ વ્યક્તિ તો જીવનમાં કાંઈ પણ કરી શકતી નથી; કેમ કે તેનું તો મનોબળ જ તૂટી જાય છે.

મનોબળ તૂટયું, પછી તો બધું જ ખલાસ થઈ ગયું એમ સમજો; કેમ કે કહ્યું છે ને કે 'મનના હારવાથી હાર છે અને મનના જીતવાથી જીત. '

તેથી ભલે પર્યાયો ક્રમબદ્ધ કેમ ન થતી હોય; છતાં પણ નિરાશાનું વાતાવરણ ન બને અને આપણા હૃદયોમાં આશાનો સંચાર ટકી રહે–એ માટે 'ક્રમબદ્ધપર્યાય' નો સિદ્ધાંત ન સ્વીકારવો એ જ શ્રેયસ્કર છે?

ઉત્તરઃ– વસ્તુસ્વરૂપની સાચી સમજણથી ભયનું વાતાવરણ કેવી રીતે બની શકે? ભયનું વાતાવરણ તો અજ્ઞાન અને કષાયથી બને છે; ભય પોતે એક કષાય છે, પચીસ કષાયોમાં તેનું પણ નામ આવે છે.

આધ્યાત્મિક કવિ બુધજનજી તો કહે છેઃ–

હમકૌં કછુ ભય ના રે, જાન લિયો સંસાર.
જાકરિ જૈસે જાહિ સમયમેં, જો હોતબ જા દ્વાર;
સો બનિ હૈ ટરિહૈ કછુ નાહીં, કરિ લીનોં નિરધાર.
હમકૌં કછુ ભય ના રે. ૩.

અહીં બુધજનજી પોતાની નિર્ભયતાનો આધાર તો 'ક્રમબદ્ધપર્યાય' ને બતાવે છે, તેઓ સ્પષ્ટ કહી રહ્યા છે કે અમને કોઈ ભય રહ્યો નથી; કેમ કે અમે સંસારની સાચી સ્થિતિ જાણી લીધી છે.

તે સાચી સ્થિતિ કઈ છે, જેને જાણીને બુધજનજી નિર્ભય થઈ ગયા છે.

એ જ કે જે દ્રવ્યની, જે પર્યાય, જે સમયે, જેના દ્વારા, જેવી થવાની છે; તે જ દ્રવ્યની, તે જ પર્યાય, તે જ સમયે, તેના જ દ્વારા, તેવી જ થશે, તેમાં કોઈ ફેરફાર સંભવ નથી, તેમાં એક સમય પણ આગળ પાછળ થઈ શકતો નથી–એ નિર્ધાર ( પાકો નિર્ણય ) તેમણે કરી લીધો છે અને એના જ આધારે તેઓ નિર્ભય થઈ ગયા છે.

તેઓ સત્યના આધારે નિર્ભય થયા છે; આ કલ્પનાના આધારે નહીં કે પ્રયત્ન કરી જુઓ કદાચ કાંઈ ફેરફાર થઈ જાય, તેઓ કલ્પના લોકમાં વિચરનાર સામાન્ય માનવ નહોતા, તેઓ તો વસ્તુનું સત્ય સ્વરૂપ સમજીને નિર્ભય થનાર જ્ઞાની આત્મા હતા. અને વસ્તુ–સ્થિતિ પણ એ જ છે કે નિર્ભયતા સત્યના આધારે આવે છે, કલ્પનાના આધારે નહિ.

માની લ્યો કે જ્ઞાની અને અજ્ઞાની ક્યાંક એક સાથે બેઠા છે. સામે ખૂંખાર મનુષ્યભક્ષી સિંહ આવી ગયો. હવે ન તો ભાગવાનો સમય રહ્યો છે અને ન કોઈ અન્ય ઉપાય તેનાથી બચવાનો દેખાય છે. આ અવસરે જ્ઞાની તો ઉક્ત સિદ્ધાંતના આધારે ધૈર્ય ધારણ કરીને નિર્ભય રહેશે અને અજ્ઞાની ભયાક્રાન્ત થઈ જશે, જેમ તેમ કાંઈ પણ કરવાનો અસફળ પ્રયત્ન કરશે; પણ તેનાથી કાંઈ થવાનું તો છે નહિ, થશે તો તે જ જે થવાનું છે.

બની શકે કે બન્ને ય ભગવાનનું સ્મરણ કરવા માંડે, નમસ્કાર મંત્ર જપવા લાગે, બન્ને ય નિર્ભય દેખાય. જોનારાઓને બન્ને ય એક સરખા જ દેખાશે; જ્યારે તે બન્નેના ભાવોમાં મહાન અંતર છે. અંતર ઉપરથી નહિ દેખાય; કેમ કે તે તેમના હૃદયનું અંતર છે; બન્નેના ચિંતનના આધારનું અંતર છે. બન્નેની નિર્ભયતાનો આધાર જુદો જુદો છે.

અજ્ઞાની વિચારે છે–હું નમસ્કાર મંત્ર રટી રહ્યો છું. ભગવાનનું સ્મરણ કરી રહ્યો છું–એના પ્રભાવથી હમણા દેવો આવશે અને મને બચાવી લેશે, કેમ કે તેણે શાસ્ત્રોમાં એવી કેટલીય કથાઓ વાંચેલી છે; જેમાં એમ લખ્યું હતું કે કોઈ ધર્માત્મા સંકટમાં હતા, તેણે નમસ્કાર મંત્રનું સ્મરણ કર્યું અને દેવોઓ તેની રક્ષા કરી હતી. તે જ આધારે તે પણ આશા રાખીને બેઠો છે. જોર–જોરથી નમસ્કાર મંત્ર રટી રહ્યો છે, ઉપરથી નિર્ભય દેખાય છે, પણ અંદરથી ભયાક્રાંત છે; કેમ કે તેને એય પાકો વિશ્વાસ નથી કે દેવ આવશે જ. જો ન આવ્યા તો....... એ કલ્પના જ તેને હલાવી રહી છે. જો કોઈ બીજો ઉપાય દેખાત તો તે નિશ્ચતપણે નમસ્કાર મંત્રના ભરોસે બેઠો ન રહેત, જાન જોખમમાં ન નાખત. તેને નમસ્કાર મંત્ર ઉપર પણ પાકો ભરોસો નથી, તેના ઉપર વિશ્વાસ કરવો એ તેની લાચારી છે, તેથી નિર્ભય રહી શક્યો નથી.

નમસ્કાર મંત્ર જપવાથી કદી કોઈ ધર્માત્માની રક્ષા કરવા દેવો આવ્યા હતા–આ પૌરાણિક આખ્યાન સત્ય હોઈ શકે છે, એમાં શંકા કરવાની કોઈ આવશ્યકતા નથી, પણ એનાથી એ નિયમ ક્યાંથી સિદ્ધ થાય છે કે જ્યારે જ્યારે કોઈ સંકટમાં પડશે અને તે નમસ્કારમંત્ર બોલશે; ત્યારે ત્યારે દેવો આવશે જ, અતિશય થશે જ.

શાસ્ત્રોમાં તો માત્ર જે બન્યું હતું, તે ઘટનાનો ઉલ્લેખ છે. તેમાં એ ક્યાં લખ્યું છે–આમ કરવાથી આમ થાય જ છે; એ તો એણે પોતાની તરફથી સમજી લીધું છે; પોતાની આ સમજણ ઉપર પણ એને વિશ્વાસ ક્યાં છે? હોત તો વ્યાકુળ કેમ થાત, ભયાક્રાન્ત કેમ થાત?

જ્ઞાની પણ નમસ્કાર મંત્ર બોલી રહ્યા છે, શાન્ત પણ છે; પણ તેની શાંતિનો આધાર નમસ્કારમંત્ર પર એ ભરોસે નથી કે આપણને બચાવવા કોઈ દેવ આવશે. નમસ્કાર મંત્ર તો તે સહજ અશુભભાવથી તથા આકુળતાથી બચવા માટે બોલે છે. તેની નિર્ભયતાનો આધાર તો 'ક્રમબદ્ધપર્યાય' ની પોષક આ જ પંક્તિઓ છે કેઃ–

હમકૌં કછુ ભય ના રે....

તે એ આશામાં નિર્ભય નથી કે દેવો બચાવી લેશે; આ આધાર પર નિર્ભય છે કે મરવાનું હશે તો મરીશ જ, કોઈ બચાવી નહિ શકે અને નહિ મરવાનું હોય તો કોઈ મારી નહિ શકે. મરવાનો સમય આવી ગયો હશે તો કોઈ ટાળી નહિ શકે અને નહિ આવ્યો હોય તો પરાણે કોઈ લાવી નહિ શકે. જો આ નિમિત્તે મરવાનું હશે તો કોઈ બદલી નહિ શકે અને આ નિમિત્તે નહિ મરવાનું હોય તો કોઈ મારી નહિ શકે.

તેણે તો દ્રવ્યસ્વભાવની જેમ પર્યાયસ્વભાવને પણ સારી રીતે જાણી લીધો છે. ‘જાન લિયો સંસાર’ નો એ જ ભાવ છે. તેના જ આધારે તે નિશ્ચિંત છે.

ન તેને દ્રવ્યસ્વભાવમાં પરિવર્તનની કોઈ ઇચ્છા છે અને ન પર્યાયોના પરિવર્તનમાં ડખલ કરવાનો કોઈ આગ્રહ છે. થોડી ઘણી વ્યાકુળતા પણ દેખાય, તો સમજવું જોઈએ કે એ ચારિત્રની કમજોરી છે, શ્રદ્ધાનનો દોષ નથી; કેમ કે તેની શ્રદ્ધા તો નિર્દોષ દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને પૂર્ણ નિર્દોષ થઈ ગઈ છે.

બીજું જૂઠી આશા ટકાવી રાખવા માટે આપ સત્યના અસ્વીકારનો મહાન અપરાધ કેમ કરવા ઇચ્છો છો? અને આશા પણ દુઃખ જ છે, આશા રહેવાથી આજ સુધી ન કોઈ સુખી થયું છે અને ન થઈ શકે છે. વિશેષ વાત તો એ છે કે એની પૂર્તિ પણ સંભવિત નથી.

આચાર્ય ગુણભદ્ર તો ત્યાં સુધી લખે છેઃ–

“आशागर्तः प्रतिप्राणि यस्मिन् विश्वमणूपमम्।
कस्य किं कियदायाति वृथा वो विषयैषिता।।३६।।

પ્રત્યેક પ્રાણીમાં એટલો મોટો આશારૂપી ખાડો છે કે તેની પૂર્તિ માટે આખું વિશ્વ પણ અણુ સમાન છે અર્થાત્ નહિ જવું છે, ઊંટના મોઢામાં જીરા સમાન છે. વળી જીવ પણ અનંત છે અને પ્રત્યેકને એવી જ ઇચ્છાઓ છે; આશાઓ છે; જો આ વિશ્વની વહેંચણી કરવામાં આવે તો કોના ભાગમાં કેટલું આવે? તેથી આશારૂપી ખાડાની પૂર્તિ તો શક્ય નથી, તેની આશા કરવી પણ વૃથા છે. સુખી થવાનો એક માત્ર ઉપાય આશાનો અભાવ કરવો તે જ છે.”[૧]

આશાના અભાવમાં નિરાશા શા માટે, અનાશા થશે; આશાની જેમ નિરાશા પણ દુઃખસ્વરૂપ છે, પણ આશાના અભાવમાં થનારી અનાશા સુખસ્વરૂપ છે.

તથા આપે એમ કહ્યું કે આશાના અભાવમાં સંસારમાં રહેવું મુશ્કેલ થઈ જશે; તો જ્ઞાની તો એ જ ઇચ્છે છે કે સંસારમાં રહેવાનું મુશ્કેલ થઈ જાય. તેમને સંસારમાં રહેવું જ ક્યાં છે? તેઓ તો સંસારનો અભાવ કરીને મોક્ષ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; તેથી તેમને તો આ વાત ઇષ્ટ જ છે.

૧. આત્માનુશાસનમ્, શ્લોક સંખ્યા ૩૬

સંસારના કાર્યોમાં ઉત્સાહ નહિ રહે; તો એ પણ સારું જ છે. આ આત્મા સંસાર તરફ નિરુત્સાહી થઈને મોક્ષના માર્ગે ઉત્સાહિત થાય, મોક્ષના માર્ગે ચડે–એ જ તો ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાનું સાચું ફળ છે. જો એ થાય તો શું ખરાબ થાય છે?

મનોબળ તૂટે છે તો તૂટી જવા ધો, આત્મબળ જાગશે. સાંસારિક કાર્યોમાં લાગેલું મનોબળ તૂટયા વિના આત્મબળ જાગૃત પણ નથી થતું. સંસારમાં કોઈ ગરબડ ન થઈ જાય–એ ભયથી પર્યાયોની ક્રમનિયમિતતાનું સત્ય સ્વીકારવાનો ઇન્કાર કેમ કરો છો?

ભાઈ! કોઈ ભય કે આશંકાથી આ મહાન સત્યને સ્વીકારવાનો ઇન્કાર ન કરો. ચક્રવર્તીની સુંદર કન્યા તારા ગળામા વરમાળા નાંખવા ઇચ્છે છે; ચક્રવર્તીની કન્યાનું માગું આવ્યું છે; ઇન્કાર ન કર! આ મહાન સૌભાગ્યનો અવસર છે, એને ન ચૂક, નહીં તો પસ્તાવું પડશે. બધા પ્રકારની અશુભ આશંકાઓથી વિરામ લે અને એક વાર ગંભીરતાથી વિચાર કરીને આ મહાન સત્યનો સ્વીકાર કરી લે, એમાં અમારો કોઈ સ્વાર્થ નથી, તારું જ ભલું છે. તારા ભલા માટે જ આ વાત કરી રહ્યા છીએ.

અત્યારે આ જાતનો ભાવ છે, તેથી કહી પણ રહ્યા છીએ, જો કાલે આ જાતનો ભાવ પણ ન રહ્યો તો ન જાણે પછી કોઈ કહેનાર મળશે કે નહિ.

(૧૯) પ્રશ્નઃ– જો બધું ક્રમબદ્ધ જ છે, તો આપ નકામા પરેશાન શા માટે થઈ રહ્યા છો? જ્યારે અમારી સમજણમાં આવવાનું હશે, ત્યારે આવી જશે અને નહિ આવવાનું હોય, તો નહિ આવે, આપ આટલા અધીરા કેમ થઈ રહ્યા છો? પરાણે અમારા માથે એને શા માટે લાદવા ઇચ્છો છો?

ઉત્તરઃ–‘અમે શા માટે પરેશાન થઈ રહ્યા છીએ, આટલા અધીર શા માટે થઈ રહ્યા છીએ?’–આપનું આ સંબોધન પણ બરાબર જ છે. અમે આપને કારણે નહિ, અમારા રાગને કારણે અધીર થઈ રહ્યા છીએ. અમે પણ ઇચ્છીએ છીએ કે અમે પણ જગતની ચિંતામાં વ્યર્થ જ અધીર ન થઈએ, પણ અમે શું કરીએ? અમને આ રાગ આવી જ જાય છે, આવ્યા વિના રહેતો નથી, અને આ ભૂમિકામાં એ અનુચિત પણ નથી, વીતરાગી ભાવલિંગી મુનિરાજોને પણ આ જાતનો રાગ આવ્યા વિના નથી રહેતો, અન્યથા પરમાગમોની રચના પણ કેવી રીતે થાત. પણ એનો અર્થ એ નથી કે એ સારો છે. છેવટે છે તો રાગ જ, છે તો અધીરતા અને આકુળતાનો ઉત્પાદક જ. ઉત્પાદક શું, સ્વયં આકુળતારૂપ જ છે.

મુનિરાજોની જેમ અમને પણ આ રાગ આવ્યા વિના રહેતો નથી કે જે સત્ય અમે સમજ્યા છીએ, જેનાથી અમને અનંત શાંતિ મળી છે, તે સત્ય આખું જગત સમજે અને આખા જગતને પણ આ અભૂતપૂર્વ શાંતિ પ્રાપ્ત થાય.

(૨૦) પ્રશ્નઃ– આપની ભાવના તો બરાબર છે, પણ કોઈ ન માને આપની વાત તો આપ શું કરશો?

ઉત્તરઃ– કરીએ શું? કાંઈ નહિ. અમે ‘પર’ માં કરી પણ શું શકીએ? પર્યાયોમાં ફેરફાર કરવાની બુદ્ધિથી વ્યાકુળ જગતને જોઈને કરુણા આવે છે. તેથી જે કાંઈ જાણીએ છીએ–બોલવા લાગીએ છીએ, લખવા લાગીએ છીએ, જેમનું હોનહાર સારું હોય, તેઓ સાંભળે છે, સમજે છે, સ્વીકારે પણ છે, સુખી પણ થાય છે, શાંત પણ થાય છે અને જે લોકો નથી સાંભળતા, નથી વાંચતા, નથી સ્વીકારતા તેમનું હોનહાર જ એવું છે–એમ જાણીને અમે પણ સંતોષ ધારણ કરીએ છીએ.

એ જ રસ્તો ય બતાવ્યો છે, આપણા શ્રદ્ધાસ્પદ મહાપંડિત ટોડરમલજીએ. તેમના જ શબ્દોમાંઃ–

‘જેવી રીતે મોટા દરિદ્રીને અવલોકનમાત્ર ચિન્તામણિની પ્રાપ્તિ થાય અને તે અવલોકન ન કરે, તથા જેવી રીતે કોઢિયાને અમૃતપાન કરાવવામાં આવે અને તે ન કરે. તેવી જ રીતે સંસારપીડિત જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને અને તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યનો મહિમા તો થઈ શકતો નથી, તેના હોનહારનો જ વિચાર કરતાં પોતાને સમતા આવે છે.”[1]

સ્વભાવદ્રષ્ટિથી પ્રાપ્ત થનાર આ પર્યાયગત મહાન સત્ય જાણીને, માનીને બધા આત્માઓ અનંત સુખી અને શાંત થાય–એ પવિત્ર ભાવના સાથે વિરામ લઉં છું.

(સંપૂર્ણ)

જેના ઉચ્ચ ચિત્તમાં સભામાં વિરાજિત ચક્રવર્તી કે ઇન્દ્રની ઉપર દયા આવે, રતિ સમાનરૂપ અને અતિશય ગુણયુક્ત તેમની સ્ત્રીઓ–ચક્રીની પટ્ટરાણી તથા ઇન્દ્રની ઇન્દ્રાણીની ઉપર ઘૃણા –ગ્લાની–અણગમો આવે તથા સર્વોત્તમ ઇન્દ્રિય સુખના સ્મરણથી અત્યંત કષ્ટ થાય તે તત્ત્વજ્ઞાનીઓમાં સર્વોત્તમ છે.

(તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય–૩, શ્લોક–૧૪)

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ ૨૦

( શુદ્ધાત્મ અવલોકન...... પાનું ૧૮ થી ચાલુ )

ભાઈ! આવી વાતો છે, ભગવાનને કાને પડે તેવી વાતો છે. શું કહીએ! ભગવાનના શ્રીમુખે નીકળેલું તત્ત્વ છે; દિવ્યધ્વનીમાં સમવસરણમાં જે વાત આવી છે તે વાત આ છે. અહીં તો કેટલાક લોકો હજી શુભરાગને મોક્ષમાર્ગ માને છે તેને કહે છે કે પ્રભુ! તું ક્યાં ગયો? શું કરે છે? અહીં તો પરલક્ષવાળું જ્ઞાન એ જીવનું નહિ તો પરલક્ષવાળો રાગ છે તે જીવને લાભ કરે એ વાત તો ક્યાંય રહી! અરે પ્રભુ શું કરે છે આ! સાંભળવા મળ્યું નથી આ. અરે! એની પ્રભુતા! એની ચમત્કૃતિ શક્તિઓ! અને ચમત્કૃતિ એની પર્યાયો!! એની એને ખબર નથી. આવો જે ભગવાન આત્મા તેને ઊંડપની શી વાત કરવી! પાતાળ કૂવામાં જેમ પાણી ઊંડેથી ફાટીને બહાર આવે. એમ લક્ષના કારણથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે જ્ઞાનના પાતાળકૂવામાંથી શેરડા–ફૂવારા ફાટે છે.

ઉપયોગ જેનું લક્ષણ નથી તેને–પરજ્ઞેયને ઉપયોગ જાણે તે ઉપયોગને આત્માનો ઉપયોગ ન કહીએ. જેનું લક્ષણ છે તેને તે જાણે, તેને અહીં આત્માનો ઉપયોગ કહેવામાં આવે છે. જે ઉપયોગ વડે શરણભૂત કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એ ઉપયોગને ઉપયોગ કહે છે. પૂર્ણના લક્ષે થયેલો જે ઉપયોગ તે પૂર્ણ પર્યાયની પ્રાપ્તિના કારણરૂપ થાય તેને અહીં ઉપયોગ કહેવામાં આવે છે. આહાહા! આનો પાર નથી. શું કહીએ! એની અચિંત્યતા દેખાય છે એટલુ ભાષામાં આવી શકતું નથી. ગ્રહણ એટલે જ્ઞેયપદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી બાપુ! આ તો ચૈતન્યચક્રવર્તીને પામવાની વાતો છે. ઓલા ચક્રવર્તીના રાજ તો મિથ્યાદ્રષ્ટિને હોય નહિ. સમકિત પામ્યા પછી પુણ્ય હોય એને ચક્રવર્તીપદ પ્રાપ્ત થાય. જેમ મિથ્યાદ્રષ્ટિના પુણ્યમાં ચક્રવર્તીપદ હોય નહિ, એમ આત્માના પરના ઉપયોગે આત્માની ચક્રવર્તી–પૂર્ણદશા પ્રાપ્ત થાય નહિ. શાસ્ત્રમાં વાંચીને કાઢવાનું આ કે સ્વનું લક્ષ કરવું તે ઉપયોગલક્ષણ અને તેનાથી આત્માનું કલ્યાણ છે. રાગથી તો કલ્યાણ નહિ, શુભભોગથી તો મોક્ષમાર્ગ નહિ, પણ પરાલંબી જ્ઞાનથી પણ મોક્ષમાર્ગ નહિ. કેમ કે ભગવાન મુક્તસ્વરૂપ આત્મા અબંધસ્વરૂપ કહો કે મુક્તસ્વરૂપ કહો, તેને લક્ષે–આશ્રયે જે ઉપયોગ થયો તે મુક્તિનું કારણ છે. પર્યાયમાં મુક્તિનું કારણ તે છે. સમકિતીને પરાલંબી જ્ઞાન હોય છે પણ સ્વના ઉપયોગ વિના જેટલુ પર ઉપર લક્ષ જાય છે તેને મોક્ષમાર્ગ કહેતા નથી.

ચિંતામણિ રત્ન એક દેવ–અધિષ્ઠિત પથ્થર થાય છે, જ્યાં અંદર વિકલ્પમાં ચિંતવે કે બંગલો જોઈએ ત્યાં બંગલો તૈયાર થઈ જાય, અબજો રૂપિયા જોઈએ એમ ચિંતવે ત્યાં અબજનો ઢગલો થઈ જાય. એમ આત્મા ચિંતામણિરત્ન છે એના તરફનું ધ્યાન થતાં

શાંતિ ને આનંદના ઢગલા આવે. આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી, સ્વના લક્ષ વિનાનો પરમાં લક્ષવાળો જે એકલો ઉપયોગ છે એ જ્ઞાનને જ્ઞાન કહેતા નથી, તે પછી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામરૂપ રાગ એ આત્માને મોક્ષનું કારણ થાય એ વાત જ નથી. લોકોને આકરું લાગે પણ માર્ગ તો આ જ છે.

અરેરે! પરમાત્માના વિરહ પડયા! પરમાત્મપદ પ્રગટ થવાના વિરહ પડયા! ! અહીં કહે છે કે જે શ્રુત ને મતિનો જે ઉપયોગ સ્વના આશ્રયે પ્રત્યક્ષ થાય તે ઉપયોગને વાસ્તવિક ઉપયોગ કહેવામાં આવે છે. પરલક્ષી જ્ઞાન તો પરોક્ષ છે. તેમાં સ્વ ન આવ્યો. આમ સાત બોલ થયા, આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળુ જ્ઞાન નથી એવા અર્થની–આવા ભાવની અલિંગગ્રહણમાંથી પ્રાપ્તિ થાય છે, આમાંથી આવો ભાવ નીકળે છે. હવે આઠમો બોલ કહે છેઃ–

**જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૮.**

આ જ્ઞાનસ્વરૂપી ભગવાને જે લક્ષણ એનું છે એ લક્ષણ ક્યાંય બહારથી નથી આવતું. પહેલો નકાર કર્યો કે એ ઉપયોગને પરજ્ઞેયનું આલંબન નથી, હવે જે ઉપયોગ થયો એ બહારથી લાવતો નથી. અંતરના લક્ષે લક્ષણ થાય તે લક્ષણ બહારથી આવતું નથી. જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે ક્યાંય બહારથી લાવતો નથી, એ તો અંતરના લક્ષે જ ઉપયોગ પ્રગટ થાય છે, એ ઉપયોગ અંદરમાંથી આવે છે. આત્માનું સ્વરૂપ આનંદ–કંદ પ્રભુ છે એનું લક્ષણ જે છે એ એના લક્ષથી બહાર આવે છે. એ ઉપયોગ ક્યાંય બહારથી આવી શકતો નથી અને જે બહારથી આવે તે ઉપયોગ જીવનો નહિ. વિશેષ અવસરે કહેવાશે. (ક્રમશઃ)

---

∗ રાજકોટમાં તા. ૪–પ–૮૦ થી તા. ૧૮–પ–૮૦ સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણી દરમિયાન શ્રી સમયસાર શાસ્ત્રની ગાથા ૧પ તથા ગાથા ૪૯ ના અવ્યક્તના બોલ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અતિ સૂક્ષ્મ આધ્યાત્મિક પ્રવચનોનો તેમ જ બપોરે ૪ થી પ જ્ઞાનગોષ્ઠીનો અને સાંજે તત્ત્વચર્ચાનો રાજકોટની તત્ત્વપ્રેમી જૈન–જૈનેતર જનતાને લાભ મળ્યો હતો. આ આત્મહિતકારી પાવન પ્રસંગની ઉપલબ્ધિની ખુશાલીમાં જ્ઞાન–પ્રચારના ઉત્સાહી શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા તરફથી ધાર્મિક પુસ્તકોનું વેચાણ અર્ધી કિંમતે રાખવામાં આવ્યું હતું. તેમજ સ્વ. શ્રી ન્યાલચંદ ગિરધરલાલ મોદીના સુપુત્રો તરફથી છેલ્લે દિવસે સ્વામીવાત્સલ્ય ભોજન રાખવામાં આવ્યું હતું.




પ્રશ્નઃ– સમયસાર ગાથા ૬ માં સમસ્ત અન્ય દ્રવ્યના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો "શુદ્ધ" કહેવાય છે તેમ કહ્યું પણ વિકારથી ભિન્ન ઉપાસવાનું કેમ ન કહ્યું ?

ઉત્તરઃ– અન્યદ્રવ્યના ભાવોથી ભિન્ન ઉપાસતા વિકાર અને પર્યાય ઉપરનું પણ લક્ષ છૂટીને સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય છે.

પ્રશ્નઃ– આત્મા પ્રમત્ત–અપ્રમત્તપણે થતો નથી એટલે શું ?

ઉત્તરઃ આત્મા શુભ–અશુભરૂપે થતો નથી. જો શુભ–અશુભરૂપે થાય તો પ્રમત્ત–અપ્રમત્ત રૂપે થાય. પણ શુદ્ધાત્મા શુભાશુભરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત–અપ્રમત્તરૂપે પણ થતો નથી. અપ્રમત્ત સાતમે ગુણ સ્થાનેથી તેરમો સુધી છે તે પર્યાયરૂપે આત્મા થતો નથી. આત્મા એકરૂપ જ્ઞાયકભાવ સ્વરૂપ છે. શુભાશુભરૂપે થતો નથી તેથી પ્રમત્તરૂપે થતો નથી અને પ્રમત્તપણે થતો હોય, તો તેનો અભાવ કરીને અપ્રમત્તપણે થાય પણ પ્રમત્તરૂપે થતો નથી તેથી પ્રમત્ત કે અપ્રમત્તના પર્યાયના ભેદરૂપે આત્મા થતો નથી. એકરૂપ જ્ઞાયક ભાવ સ્વરૂપ જ છે.

* ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂ. ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલાં આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે તેને ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધતા અકર્તા પણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડયા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે.

* ક્રમબદ્ધ પર્યાયથી ખરેખર એને ખ્યાલમાં આવ્યું હોય તો એટલે કે કરવાપણાનાં દુઃખથી થાકેલા છે એ પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે જે કર્તાપણાની બુદ્ધિથી થાકેલો છે એ પરના કર્તાપણાના અભિમાનથી થાકીને આત્મા તરફ વળે છે, તેને સમ્યગ્દર્શન થાય છે. સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. જે સમયે જે પર્યાય

થવાની તે જ થાય છે. તીર્થંકરને પણ જે પર્યાય થવાની તે જ થાય છે, તેને આઘી–પાછી કરી શકે નહિ. સંસારથી ખરેખર જે થાકી ગયો છે એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી. ક્રમબદ્ધની દ્રષ્ટિવાળાને દરેક દ્રવ્યની પર્યાય આત્માના કર્તા વિના ક્રમબદ્ધ સ્વયં થાય છે એમ એને બેસી ગયું છે.

* અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છે ? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધા ઝઘડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈન દર્શન છે. આહાહા ! જૈનદર્શન આકરું બહુ ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, પણ નિર્મળ પર્યાયનો કર્તા નહિ. કેમ કે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા ! ભાઈ ! માર્ગ આકરો છે, અચિંત્ય છે. અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્ય–ગુણ પણ એનો કર્તા નહિ. એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે.

પ્રશ્નઃ– દ્રવ્યને સાવ નકામું કરી દીધું, પર્યાયને પણ દ્રવ્ય કરે નહિ ?

ઉત્તરઃ– અરે ભાઈ ! આતો અંતર પેટની મૂળની વાતો છે. આમાં દ્રવ્ય નકામું નથી થઈ જતું, પણ અલૌકિક દ્રવ્ય સિદ્ધ થાય છે.

પ્રશ્નઃ– એક બાજુ પર્યાય ક્રમબદ્ધ કહો છો અને બીજી બાજુ પર્યાય ઉપરથી દ્રષ્ટિ ઉઠાવવાનું કહો છો ?

ઉત્તરઃ– પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ જાણે તો પર્યાયનું કર્તૃત્વ છૂટીને અકર્તા સ્વભાવી દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જાય છે. ક્રમબદ્ધ ઉપર દ્રષ્ટિ રાખીને ક્રમબદ્ધનો નિર્ણય નથી થતો. દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે. ક્રમબદ્ધ છે એ તો સર્વજ્ઞનો પ્રાણ છે.

પ્રશ્નઃ– ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની વિશેષતા છે કે દ્રવ્યની ?

ઉત્તરઃ– ક્રમબદ્ધમાં જ્ઞાયક દ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે.

* ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે. તે શુભાશુભ ભાવરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત–અપ્રમત્તરૂપે નથી. કેમ કે શુભાશુભ

રૂપે થાય તો પ્રમત્ત થાય અને પ્રમત્તનો અભાવ થાય તો અપ્રમત્ત થાય પણ જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમતો નથી. તેથી પ્રમત્ત–અપ્રમત્તરૂપ નથી. શુભાશુભ ભાવ તે પર્યાયમાં છે ખરા પણ તે જડ છે. જડ એટલે રૂપી પુદ્ગલ નહિ પણ અજાગૃતભાવ હોવાથી જડ છે. ચૈતન્ય જળહળ જ્યોતિરૂપ જે જ્ઞાયકભાવ છે તે કદી પુણ્યપાપરૂપે થયો નથી. તેથી આત્માનો અનુભવ કરતા તે ટળી જશે. પુણ્ય–પાપ ભાવનું લક્ષ છોડી અમે શુદ્ધાત્માનો અનુભવ કરીએ છીએ તેમ તું પણ પુણ્ય પાપ ભાવનું લક્ષ છોડી દે તો તું પણ જ્ઞાયકભાવનો અનુભવ કરી શકીશ. તને પર્યાયમાં આનંદનું વેદન આવશે. પુણ્ય પાપ ભાવ ચૈતન્યની સત્તામાં અભાવરૂપ છે તેથી જ્ઞાયકભાવ જડભાવરૂપ કદી થયો નથી. શુભાશુભ ભાવે જ્ઞાયકભાવ કદી પરિણમતો નથી. શુભાશુભરૂપે તું કદી થયો નથી તેથી તેનું લક્ષ છોડતા શુદ્ધાત્માનો અનુભવ કરી શકીશ.

* દર્શન દોષ ગયા પછી ચારિત્રની નબળાઈથી કરોડો–અબજો વર્ષ સુધી ચારિત્ર આવતું નથી. તીર્થંકરના જીવને પણ ચારિત્ર ૮૩ લાખ પૂર્વ સુધી આવેલ ન હતું. છતાં દર્શન ભ્રષ્ટ નથી તેને ચારિત્ર આવશે જ અને મુક્તિ થશે જ દ્રષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એટલે નજરબંધી થઈ જાય છે. ધ્રુવવસ્તુ ઉપર નજર બંધાઈ ગઈ પછી શુભ અને અશુભભાવે આવે, ભોગાદિ પણ હોય તોપણ ધર્મીજીવની નજર ધ્રુવ ઉપરથી ખસતી નથી એના જોરે અલ્પકાળે ચારિત્ર આવશે જ ને મુક્તિ થશે જ.

પ્રશ્નઃ– યોગસારમાં પુણ્યને પણ પાપ કેમ કહ્યું છે?

ઉત્તર–પુણ્ય છે તો શુભરાગ પણ તે સ્વરૂપથી પતિત કરે છે તેથી ત્યાં કહ્યું છે કે પાપને તો પાપ જગ સહુ કહે પણ અનુભવી જીવ પુણ્યને પણ પાપ કહે છે. જયસેન આચાર્યે પણ કહ્યું છે કે પુણ્ય છે તે અશુભથી બચાવે છે પણ શુદ્ધ સ્વરૂપથી પછાડે છે–પતિત કરે છે. તેથી પુણ્યને પણ પાપ કહ્યું છે. પાપનો અધિકાર છે છતાં તેમાં પુણ્યને પાપ કહ્યું છે. અહીં તો જેને આત્માનું હિત કરવું હોય તેની વાત છે. બાકી તો અનંતવાર શુભ કરીને નવમી ગ્રૈવયેક ગયો પણ એક ભવ ઘટયો નહિ.

પ્રશ્નઃ– આત્માના સંસ્કારોને દ્રઢ કરવા શું કરવું?

ઉત્તરઃ– વસ્તુસ્વરૂપનો નિર્ણય દ્રઢ કરવો. શુદ્ધ છું, એક છું. જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર નિર્ણય પાકો કરીને દ્રઢ કરવો.

પ્રશ્નઃ– આત્માને ઓળખ્યો ન હોય ને શુભ રાગને ઝેર કહેવાથી સ્વછંદી ન થઈ જાય?

ઉત્તરઃ અજ્ઞાની સ્વછંદી જ છે. મિથ્યાત્વ છે તે જ મોટું પાપ ને સ્વછંદ છે. શુભરાગને ઝેર કહીને શુભરાગની રુચિ છોડાવવી છે. શુભરાગ પહેલાં છૂટતો નથી,

શુભની રુચિ પહેલાં છૂટે છે. શુભરાગને ઝેર કહીને તેની રુચિ છોડાવવી છે.

* ...... આ તો સનાતન સ્યાદ્વાદ જૈન દર્શન છે, એને જેમ છે તેમ સમજવું જોઈએ. ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તેની અપેક્ષા એ એક સમયની શુદ્ધ પર્યાયને પણ ભલે હેય કહે છે પણ બીજી બાજાું શુભરાગ આવે છે, હોય છે, એના નિમિત્તો દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો શુભરાગ હોય છે, ભગવાનની પ્રતિમા હોય છે, એને ન માને તોપણ મિથ્યાદ્રષ્ટિ છે,. ભલે તેનાથી ધર્મ નથી પણ તેને ઉથાપે તો મિથ્યા દ્રષ્ટિ છે. શુભરાગ હેય છે, દુઃખરૂપ છે પણ એ ભાવ હોય છે, તેના નિમિત્તો ભગવાનની પ્રતિમા આદિ હોય છે, તેનો નિષેધ કરે તો તે જૈન દર્શનને સમજ્યો નથી તેથી મિથ્યાદ્રષ્ટિ છે.

* અરે આત્માઓ! તમે સાધારણ છો એમ ન માનો! જેને પૂર્ણ દશા પ્રગટી ગઈ છે તે સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છે એમ માનો!

* દ્રષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. કેવળજ્ઞાન ને મોક્ષની પર્યાય પણ દ્રવ્યની ઉપર ઉપર તરે છે. દ્રવ્યની અંદર તે પેસતી નથી. દ્રષ્ટિને એ ત્રિકાળી ધ્રુવદ્રવ્ય ઉપર રાખવાની છે. જેમ પતંગ આકાશમાં ઉડે છે પણ એનો દોર હાથમાં જ હોય છે, એમ નિર્વિકલ્પ ધ્યાનની પર્યાયનું ધ્યેય દ્રવ્ય છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ લડાઈમાં ઊભો દેખાય પણ એ લડાઈના પ્રસંગથી જુદો છે. એમ દયા, દાન, પૂજા, ભક્તિ કે શાસ્ત્ર–જ્ઞાનના વિકલ્પમાં ઊભો દેખાય પણ તેની દ્રષ્ટિ એની ઉપર નથી, તેની દ્રષ્ટિ તો ધ્રુવ દ્રવ્ય ઉપર જ છે. જેને આત્માનો પ્રેમ લાગ્યો છે તે શુભ ને અશુભ રાગમાં ઊભો હોય છતાં તેની દ્રષ્ટિ આત્મા ઉપર જ છે. તેની નજરમાં આત્મા જ દેખાય છે.

પ્રશ્નઃ– ધારણાજ્ઞાનમાં યથાર્થ જાણે તો સમ્યક્ સન્મુખતા કહેવાય?

ઉત્તરઃ– ધારણાજ્ઞાનમાં દ્રઢ સંસ્કાર અપૂર્વ રીતે પાડે, પૂર્વે કદી નહિ કરેલ એવા અપૂર્વ રીતે સંસ્કાર પાડયા હોય તો સમ્યક્ સન્મુખતા કહેવાય.

* શ્રદ્ધાનનો દોષ અને ચારિત્રના દોષમાં બહુ મોટો ફેર છે. સમ્યગ્દ્રષ્ટિ બે ભાઈ લડાઈ કરે, જીવોની હિંસા થાય, છતાં એ શરીરની ક્રિયાનો ને રાગનો કર્તા નથી, જ્ઞાતા છે અને મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી એકેન્દ્રિયના જીવને પણ હણે નહિ છતાં તે કાયા અને કષાયમાં એકતાબુદ્ધિવાળો હોવાથી કર્તા છે, છ કાયનો ઘાતક છે. આહાહા! ચારિત્રના દોષની અલ્પતા કેટલી કે બે ભાઈ લડે છતાં મોક્ષે જાય અને શ્રદ્ધાનના દોષની મોટપ એટલી કે વિપરીત પરિણામના ફળ નરક નિગોદ છે. મૂળ આત્મદર્શન વિના ગમે તેટલી સાધુપણાની ક્રિયા કરે પણ બધું ફોગટ છે.

છ માસના ઉપવાસ કરે, ત્યાગ કરે પણ આત્મજ્ઞાન વિના તે બધું શૂન્ય છે, રણમાં પોક સમાન છે. ભાઈ! પ્રભુનો મારગ તદ્દન નિરાલો અંતરનો છે એને સમજવા બહુ પ્રયત્ન માગે છે.

* એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, ચુંબન કરતું નથી–એમ શાસ્ત્રમાં આવે. એક બાજુ કહે કે ભગવાનની વાણી ભગવાને ઉપદેશ આપ્યો, જિનવર આમ કહે છે, ત્યારે બીજી બાજુ કહે કે વાણીના કર્તા ભગવાન નથી, વાણી તો જડ છે. વાણી વાણીના પોતાના કારણે નીકળે છે. વાણીને ભગવાન જાણે છે. આહાહા! નિશ્ચય વ્યવહારના કથનોને સમજવા એ બહુ આકરી વાતો છે.

પ્રશ્નઃ– વાણીના કર્તા નથી તો મુનિઓ ઉપદેશ કેમ આપે છે?

ઉત્તરઃ– મુનિઓ ઉપદેશ દેતા જ નથી. મુનિઓ ઉપદેશને જાણે છે. ભગવાન કહે છે, જિનવર કહે છે–એમ શાસ્ત્રમાં કથનો આવે પણ ભગવાન કહેતા જ નથી. ભગવાન વાણીને જાણે જ છે. ખરેખર તો સ્વને જ જાણે છે. સ્વપર જાણવું સહજ છે. પરની અપેક્ષા જ નથી. જાણવાનો સ્વભાવ જ છે. ભગવાન કુંદકુંદ આચાર્ય કહે કે હું મારા જિન વૈભવથી કહીશ તમે પ્રમાણ કરજો. અરે ભગવાન! વાણી તમારી નથી ને? વાણીથી જ્ઞાન થતું નથી ને? આહાહા! ગજબ વાત છે, અદ્‌ભુત વાત છે, વસ્તુનું સ્વરૂપ જ અદ્‌ભૂત છે. નિમિત્ત–નૈમિત્તિકના કથનો એક સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય ન હોય.

પ્રશ્નઃ –સંસારનો થાક લાગવાનો ઉપાય શું?

ઉત્તરઃ– સંસારમાં શુભાશુભ ભાવો છે તે દુઃખ રૂપ છે, એના ફળમાં ચારગતિ મળે છે. તેમાં અનેક પ્રકારનાં દુઃખો ને આકુળતા છે એમ એને અંદરથી લાગવું જોઈએ. શુભાશુભભાવ દુઃખરૂપ જ છે એમ લાગે તો સંસારનો થાક લાગે.

---

* તા. ૧૯–૫–૮૦ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી રાજકોટથી સોનગઢ પધાર્યા છે. તેઓશ્રીનું સ્વાસ્થ્ય સારું છે. સવારે ૮ થી ૯ શ્રી સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકાર ઉપર તથા બપોરે ૩ા થી ૪ા શ્રી નિયમસાર ઉપર ગહન ચિંતન–મનન યુક્ત આધ્યાત્મિક પ્રવચનો ચાલી રહ્યા છે. રાત્રિચર્ચા પણ પૂર્વવત્ ચાલે છે.

* તા. ૧૯–૫–૮૦ થી તા. ૭–૬–૮૦ દરમિયાન વાશામ (જિલ્લો–અકોલા, મહારાષ્ટ્ર) માં ધર્મ શિક્ષણ સમિતિ મહારાષ્ટ્ર દ્વારા આયોજિત અને પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ જયપુર દ્વારા સંચાલિત શ્રી વીતરાગ વિજ્ઞાન આધ્યાત્મિક શિક્ષણ–પ્રશિક્ષણનો ૧૪ મો શિબિર ચાલી રહ્યો છે.

## વૈરાગ્ય સમાચારઃ-

* વાંકાનેરનિવાસી મહેતા વનેચંદ રાઘવજીભાઈ (વર્ષ–૮૧) ચૈત્ર સુદ ૧૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
* વીંછીયાનિવાસી (હાલ મલાડ) ચંદ્રકાંત રતિલાલ ડગલી (વર્ષ–પર) તા. ૧૧–૪–૮૦ના રોજ એકાએક હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.
* જામનગરનિવાસી વસંતબેન પ્રીતમલાલ વારીયા (વર્ષ–પપ) તા. ૧પ–૪–૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* લાઠીનિવાસી પ્રેમીબેન પાનાચંદ ભાયાણી (વર્ષ–૯૮) તા. ૧૮–૪–૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૪ર વર્ષથી સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લેતા હતા.
* વીંછીયાનિવાસી (હાલ–કોચીન) રતીલાલ કસ્તુરચંદ ડગલી (વર્ષ–૭૭) તા. ર૬–૪–૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* આંકડિયાનિવાસી જીજીબેન માણેકચંદ રવાણી (વર્ષ–૯૦) તા. ૩–પ–૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* નાઈરોબીનિવાસી રાયચંદ દેવન શાહના માતુશ્રી વેજીબેન (વર્ષ–૮પ) તા. ૮–પ–૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રી નાઈરોબી પધાર્યા ત્યારે તેઓએ ખૂબ જ ઉત્સાહથી લાભ લીધો હતો.
* સાગરનિવાસી, ભગવાનદાસ શોભાલાલ જૈન એન્ડ કાું.વાળા શેઠ શ્રી શોભાલાલજી (વર્ષ–૭પ લગભગ) તા. ૯–પ–૮૦ના ર રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ર૩ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સમાગમમાં આવેલા અને સોનગઢ બંગલો બંધાવીને પોતાના વિશાળ કુટુંબ સાથે દર વર્ષે ઘણા મહિના સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. તેઓ તત્ત્વરસિક હતા.

–સ્વર્ગસ્થ મુમુક્ષુઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારી અમૃતવાણીનો લાભ લેતા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. સદ્ગત આત્માઓ વીતરાગી ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## સમાચારઃ-

* સોનગઢમાં “પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિગૃહ” ના નિર્માણનું કાર્ય ઝડપથી થઈ રહ્યું છે. આગામી શિક્ષણ–શિબિર પહેલાં તૈયાર થઈ જશે. આ નિર્માણ કાર્ય માટે ગામોગામના મુમુક્ષુઓ ઉત્સાહથી દાનરાશિ જાહેર કરી રહ્યા છે. શ્રી નાઈરોબી મુમુક્ષુ મંડળ તરફથી રૂા. ૧૧ હજારવાળા કુલ ૧૦ બ્લોક માટે રૂપિયા એક લાખ ને દસ હજાર આપવામાં આવેલ છે. –કાંતિલાલ મોટાણી, મુંબઈ.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

( ૧ ) જીવોનો સાચો સ્વાર્થ પોતાના સ્વરૂપમાં સ્થિર થવામાં છે, ક્ષણ–ભંગુર ભોગો ભોગવવામાં નથી. ભોગો ભોગવવાથી તો તૃષ્ણા વધી જાય છે. સંતાપની શાતિ થતી નથી. હે સુપાર્શ્વનાથ ! આપે આવો ઉપદેશ દીધો છે.

( શ્રી સમંતભદ્ર આચાર્ય, સ્વયંભૂ સ્તોત્ર, શ્લોક ૩૧ )

( ૨ ) જેમ મંત્રના પ્રભાવથી સર્પનું વિષ ઊતરી જાય છે તેમ અતિ તીવ્ર કામની પીડા પણ આત્મજ્ઞાનના બળથી નિયમથી શાંત થઈ જાય છે.

( શ્રી કુલભદ્ર આચાર્ય; સારસમુચ્ચય, શ્લોક ૧૧૩ )

( ૩ ) મોહના ઉદયરૂપ વિષથી મિશ્રિત સ્વર્ગનું સુખ પણ જો નશ્વર હોય તો ભલા બીજા તુચ્છ સુખોના સંબંધમાં શું કહેવું ? અર્થાત્ તે તો અત્યંત વિનશ્વર અને હોય છે જ, તેથી મને એવા સંસાર સુખથી બસ થાવ–હું એવું સંસાર સુખ ચાહતો નથી.

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ–પંચવિંશતિ, એકત્વભાવના )

( ૪ ) જેમ મલિન દર્પણમાં પ્રતિબિંબ દેખાતું નથી તેમ રાગથી રંજિત ( મલિન ) હૃદયમાં, રાગ–રહિત આત્મદેવ દેખાતો નથી–એમ હે જીવ ! તું સંદેહ રહિત જાણ.

( શ્રી યોગીન્દુ દેવ–પરમાત્મ પ્રકાશ, પ્ર. અધિકાર, ગા. ૧૨૦ )

( ૫ ) જુઓ, તત્ત્વ–વિચારનો મહિમા ! તત્ત્વ–વિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક પાળે, તપશ્ચરણાદિ કરે છતાં તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી અને તત્ત્વ–વિચારવાળો એ વિના પણ સમ્યક્ત્વનો અધિકારી થાય છે.

( આચાર્યકલ્પ પં. ટોડરમલજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધ્યાય ૭ )

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

| | | |
|---|---|---|
| ૧૧૨૩ | શ્રી મધુકાંત પી ગોસલીયા | વડોદરા |
| ૧૧૨૪ | ,, મહેન્દ્રકુમાર કુંદનલાલ કોટડીયા | અમદાવાદ |
| ૧૧૨૫ | ,, અમૃતલાલ મલુકચંદ શાહ | અમદાવાદ |
| ૧૧૨૬ | શાહ કોદરલાલ મગનલાલ કાપડીયા | તલોદ સ્ટે |
| ૧૧૨૭ | શ્રી અમૃતલાલ ચુનિલાલ શાહ | ઓરાણ |
| ૧૧૨૮ | ,, ગેંદાલાલ ચનાલાલ તલાટી | દાહોદ |
| ૧૧૨૯ | ,, મનસુખલાલ મગનલાલ કામદાર | વડોદરા |
| ૧૧૩૦ | ,, લક્ષ્મીલાલ જીવરાજ શાહ | દાહોદ |
| ૧૧૩૧ | ,, હરીલાલ નાનચંદભાઈ શાહ | મલાડ |
| ૧૧૩૨ | ,, રતનલાલજી ગંગવાલ | કલકત્તા |
| ૧૧૩૩ | ,, મણીલાલ નેમચંદ કોડડીયા | દાદર |
| ૧૧૩૪ | ,, પ્રવીણચંદ્ર મોહનલાલ વોરા | અમદાવાદ |
| ૧૧૩૫ | ,, રતીલાલ લલુભાઈ શાહ | વદરાડ |
| ૧૧૩૬ | ,, સુધીરકુમાર છબીલદાસ સંઘવી | બીલીમોરા |
| ૧૧૩૭ | ,, દીપકકુમાર છગનલાલ પટેલ | પુણા |
| ૧૧૩૮ | ,, કનૈયાલાલ હીરાચંદ દામાણી | અમદાવાદ |
| ૧૧૩૯ | ,, પુનીત દોશી | લંડન |
| ૧૧૪૦ | ,, મોહનલાલ નથુભાઈ શાહ | જામનગર |
| ૧૧૪૧ | ,, હસમુખભાઈ કે. શાહ | અમદાવાદ |
| ૧૧૪૨ | ,, જવેરચંદ કે. શાહ | મુંબઈ |
| ૧૧૪૩ | ,, ગુણવંતીબેન ઘેલાણી | કલકત્તા |
| ૧૧૪૪ | ,, ઉજમશીભાઈ રાણપુરવાળા | મુલુંડ |
| ૧૧૪૫ | ,, શાંતીલાલ નરોતમદાસ જોબાલીયા | ઘાટકોપર |
| ૧૧૪૬ | ,, અમૃતલાલ જીવરાજભાઈ શાહ | પ્રાંતીજ |
| ૧૧૪૭ | ,, પ્રવીણચંદ્ર એસ. કામાણી | ઘાટકોપર |
| ૧૧૪૮ | ,, ચંપકલાલ નેમચંદ કોટડીયા | બોરીવલી |
| ૧૧૪૯ | શ્રી મતી ઇંદીરા ડી. દોશી | મલેશીયા |
| ૧૧૫૦ | શ્રી રતીકાંત અમરચંદ સંઘવી | અંકલેશ્વર |
| ૧૧૫૧ | ,, નિર્મળાબેન ચંપકલાલ શાહ | ,, |
| ૧૧૫૨ | ,, મનસુખલાલ વૃજલાલ શાહ | ઘાટકોપર |
| ૧૧૫૩ | ,, ટોની એચ. શાહ | નાઈરોબી |
| ૧૧૫૪ | ,, ઉષાબેન રમેશચંદ્ર મહેતા | વીલેપાર્લે |
| ૧૧૫૫ | ,, શારદાબેન પ્રદીપકુમાર શેઠ | મુંબઈ |
| ૧૧૫૬ | ,, પ્રભુલાલ છગનલાલ | જામનગર |
| ૧૧૫૭ | ,, અમૃતલાલ નેમચંદ વારેયા | ભાણવડ |
| ૧૧૫૮ | ,, કીશોરકુમાર કે. ગાંધી | ખાર |
| ૧૧૫૯ | ,, દેવીબેન હર્ષદરાય શાહ | ઘાટકોપર |
| ૧૧૬૦ | ,, વૃજલાલ કસ્તુરચંદ શાહ | ગોરેગાંવ |
| ૧૧૬૧ | ,, રસીકલાલ ડી. ગાંધી | અમદાવાદ |
| ૧૧૬૨ | ,, રતીલાલ પ્રેમચંદ શાહ | રાજકોટ |
| ૧૧૬૩ | ,, મનોજકુમાર આર. શાહ | અંધેરી |
| ૧૧૬૪ | ,, પ્રફુલચદ્ર હીંમતલાલ તુરખીયા | પાર્લા |
| ૧૧૬૫ | ,, રોહીતકુમાર મગનલાલ દોશી | રાજકોટ |
| ૧૧૬૬ | ,, ગીરીશકુમાર મગનલાલ દેસાઈ | જેતપુર |
| ૧૧૬૭ | ,, શારદાબેન ટી. કામદાર | મુંબઈ |
| ૧૧૬૮ | ,, રતીલાલ ભૂરાભાઈ દેસાઈ | અમદાવાદ |
| ૧૧૬૯ | ,, નરેન્દ્રકુમાર હરગોવિંદ ગોપાણી | ,, |
| ૧૧૭૦ | ,, ચંદુલાલ જે. શાલ | સોલાપુર |
| ૧૧૭૧ | ,, હસમુખરાય ચીમનલાલ વોરા | સુરેન્દ્રનગર |
| ૧૧૭૨ | ,, ભાનુબેન જયંતીલાલ કામદાર | સોનગઢ |
| ૧૧૭૩ | ,, સવીતાબેન સવાઈલાલ શાહ | કાંદીવલી |

આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/– ( **ક્રમશઃ** )

તંત્રી : ડો. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૭૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦ ]